અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ ડિસેમ્બર ૨૦૨૩, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ દશમ | અંક : ૧૪૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### દેશમાં કોરોના વાયરસે ફરી ટેન્શન વધાર્યું । કેરળમાં દિવસમાં ૩૦૦ નવા કેસ, ત્રણનાં મોત


# હોસ્પિટલ્સને સાવચેતી, ભીડમાં માસ્ક પહેરવા લોકોને સલાહ

## કોરોનાના વેરિયન્ટ જેએન.૧ની ટેસ્ટિંગ વધારવા સહિત જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યા છે

। નવી દિલ્હી, તા.૨૧ ।

દેશમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધવા લાગ્યા છે અને સૌથી ખરાબ સ્થિતિ કેરળમાં છે જ્યાં સૌથી વધારે ત્રણ વ્યક્તિનાં મોત થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આજે જાહેર કરાયેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૮ કેસ નોંધાયા છે જ્યારે એક્ટિવ કેસની સંખ્યા ૨,૬૬૯ છે. કોવિડનો નવો વેરિયન્ટ જેએન.૧નો સૌથી પહેલો કેસ કેરળમાં નોંધાયો હતો ત્યારબાદથી કોરોના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કેરળમાં ત્રણ લોકોના મૃત્યુ થયા છે જ્યારે ૩૫૮ કેસોમાં ૩૦૦ કેસ ફક્ત કેરળમાં જ નોંધાયા છે. આ ઉપરાંત દેશમાં વાયરસથી કુલ ૬ લોકોએ જીવ ગુમાવ્યા છે જે બાદ મૃત્યુઆંકની સંખ્યા ૫,૩૩,૩૩૨ થઈ ગઈ છે. કર્ણાટક, ગુજરાત, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં પણ કોવિડના કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર સાજા થનાર દર્દીઓની સંખ્યા વધીને ૪,૪૪,૭૦,૫૭૬ થઈ ગઈ છે અને રિકવરી રેટ ૯૮.૮૧ ટકા છે.

દેશમાં કોરોના વાયરસે ફરી ટેન્શન વધાર્યું છે. કોરોનાના નવા વેરિયન્ટ જેએન.૧ ના અત્યાર સુધી ૨૧ દર્દી મળી આવતાં ખળભળાટ મચી ગયો છે જેના લીધે કોરોના રિટર્નની આશંકાઓ વ્યક્ત કરવામાં આવી



રહી છે. દેશમાં ગુરુવારે ૩૫૮ નવા દર્દી મળી આવ્યા હતા. અગાઉ બુધવારે ૬૧૪ દર્દીઓ મળી આવતા ફરીવારકોરોના ચર્ચાનો વિષય બની ગયો હતો. માહિતી અનુસાર બુધવારે ૬૧૪ દર્દી મળવાનો આંકડો ૨૧ મે પછી સૌથી મોટો હતો. જેના પગલે ડબલ્યુએચઓથી માંડીને કેન્દ્ર સરકારે પણ આ મામલે એલર્ટ જાહેર કરી દીધું હતું. હોસ્પિટલોમાં ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે. ભીડમાં માસ્ક પહેરવાની પણ અપીલ કરાઈ છે. કોરોનાના વેરિયન્ટ જેએન.૧ની ટેસ્ટિંગ વધારવા સહિત જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૮ નવા કેસ મળ્યા હતા. આ સાથે દેશમાં એક્ટિવ દર્દીઓની સંખ્યા ૨,૬૬૯ ને આંબી ગઈ છે. જેએન.૧ નો પ્રથમ દર્દી કેરળમાં મળી આવ્યો હતો. કેરળમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૩ દર્દી પણ મૃત્યુ પામી ગયા જેની સાથે મૃતકોની સંખ્યા ૫,૩૩,૩૨૭ પર પહોંચી ગઈ છે. તાજેતરના કેસ મુખ્યરૂપે કેરળ, કર્ણાટક, ગુજરાત, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં સામે આવ્યા હતા. સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ અનુસાર સાજા થનારા દર્દીઓની સંખ્યા વધીને ૪,૪૪,૭૦,૫૭૬ થઈ ચૂકી છે. જ્યારે દેશનો રિકવરી રેટ ૯૮.૮૧ ટકા પર પહોંચી ગયો છે. દેશમાં કુલ દર્દીઓની સંખ્યા પણ ૪.૫૦ કરોડને આંબી ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ તમામ સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠક યોજી હતી અને તેમાં કોરોના વાયરસ અંગે નવી ગાઈડલાઈન જાહેર કરી હતી. તેમણે કહ્યું કે ગભરાવાની જરૂર નથી.

## ન્યૂઝ બ્રિફ

### ૨૦૨૪માં ભારત સહિત વિશ્વના ૭૮ દેશોમાં ચૂંટણીઓ યોજાશે

। નવી દિલ્હી, તા.૨૧ ।

૨૦૨૪ના વર્ષને આંતરરાષ્ટ્રીય ચૂંટણી વર્ષ જાહેર કરવુ પડે તેવી સ્થિતિ છે. કારણકે ૨૦૨૪માં ભારત સહિત દુનિયાના ૭૮ દેશોમાં વિવિધ ચૂંટણીઓ યોજાવાની છે. વોશિંગ્ટન સ્થિત થિંક ટેંક એટલાન્ટિક કાઉન્સિલના કહેવા પ્રમાણે ૨૦૨૪ પછી છેક ૨૦૪૮માં જ આ પ્રકારનો સંયોગ જોવા મળશે.

### સંસદની સુરક્ષામાં ચૂક મામલે સંસદમાં હોબાળો જારી

# લોકસભાના સ્પિકરે હંગામો કરતા વધુ ત્રણ સાંસદને સસ્પેન્ડ કર્યા

### આ સાથે સસ્પેન્ડ કરાયેલા સાંસદોની સંખ્યા ૧૪૬ થઈ

। નવી દિલ્હી, તા.૨૧ ।

સંસદની સુરક્ષામાં ચૂક મામલે વિપક્ષોએ હંગામો કરતા લોકસભા સ્પીકરે વધુ ત્રણ સાંસદોને સસ્પેન્ડ કર્યા છે.

આ સાથે સસ્પેન્ડ કરાયેલા સાંસદોની સંખ્યા ૧૪૬ પર પહોંચી ગઈ છે. આ પહેલા ગઈકાલે બે સાંસદોને સદનની અવમાનના મામલે સંસદ સત્રના બાકીના સમયગાળા માટે સસ્પેન્ડ કરી દીધા હતા. સંસદમાં શીયાળુ સત્ર ચાલી રહ્યું છે, વિપક્ષે સંસદની સુરક્ષાની ખામીનો મામલો ઉગ્ર સ્વરુપે ઉઠાવ્યો છે અને આ આ મુદ્દે સંસદના બન્ને ગૃહમાં ભારે હોબાળો જોવા મળી રહ્યો છે ત્યારે લોકસભામાં ભારે હંગામા વચ્ચે સસ્પેન્શનની કાર્યવાહી આજે પણ ચાલુ રહી હતી જેમાં લોકસભામાના વધુ ત્રણ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે જેમાં નકુલનાથ, ડીકે સુરેશ, દીપક બૈજનો સમાવેશ થાય છે. આ પહેલા ગઈકાલે બે સાંસદો સી થોમસ અને એએમ આરિફને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને અગાઉ મંગળવારે પણ લોકસભામાંથી એક સાથે ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

### સાક્ષી મલિકે રેસલિંગ છોડવાની જાહેરાત કરી

# સાક્ષી મલિકે રડતાં-રડતાં કુસ્તી છોડવા કરી જાહેરાત

### ભાજપના સાંસદ બ્રિજભૂષણ સિંહના વિશ્વાસુ સંજય સિંહ કુસ્તી મહાસંઘના નવા અધ્યક્ષ બનવાની સાથે વિવાદ શરૂ

। નવી દિલ્હી, તા.૨૧ ।

ભાજપના સાંસદ બ્રિજભૂષણ સિંહના નજીકના સંજય સિંહને રેસલિંગ ફેડરેશન (WFI)ના પ્રમુખ તરીકે ચૂંટવાને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. સાક્ષી મલિકે કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. પ્રેસ કોન્ફરન્સમાં ભાવુક થઈ અનુભવી રેસલર સાક્ષીએ કહ્યું કે ફેડરેશન સામેની લડાઈમાં ઘણા વર્ષો લાગ્યા. જે આજે અધ્યક્ષ બન્યા છે તે પોતાના પુત્ર કરતા પણ વહાલા છે અથવા તમે કહી શકો કે તેનો જમણો હાથ. કોઈ મહિલાને ભાગીદારી આપવામાં ન આવી. હું મારી કુસ્તી છોડી દઉં છું. તો નિવેશ ફોગાટે કહ્યું કે અમે દરેક રીતે પ્રયાસ કર્યો અને દિલ્હીના રસ્તાઓ પર બેઠા. અમે નામ લઈને જણાવ્યું હતું કે યુવતીઓને બચાવી લેજો. અમારે ત્રણ-ચાર મહિના રાહ જોવી પડી અને કંઈ ન થયું. આજે સંજય સિંહને અધ્યક્ષ બનાવવામાં આવ્યા. તેના પ્રમુખ બનવાથી મહિલા ખેલાડીઓએ ફરી શિકાર બનવું પડશે. અમે જે લડાઈ લડી રહ્યાં હતા તેમાં સફળ થઈ શક્યા નથી. અમને ખબર નથી કે દેશમાં ન્યાય કઈ રીતે મળશે. ફોગાટે કહ્યું- દુખની વાત છે કે આજે રેસલિંગનું ભવિષ્ય અંધકારમાં છે. કોની સામે દુખ વ્યક્ત કરીએ, અમને નથી ખબર. અમે ટ્રેનિંગ કરી રહ્યાં



હતાં, છતાં તમને જણાવવા આવ્યા છીએ. તો બજરંગ પુનિયાએ કહ્યુ કે અમારી લડાઈ પહેલા પણ સરકાર સામે નથી અને આજે પણ નથી. દેશે તેના પાવર અને તેની પાછળ કામ કરી રહેલા તંત્રને જોઈ લીધુ. ૨૦ છોકરીઓ આવી હતી અને તેમાં તેણે કેટલીકને અલગ કરાવી. દરેકે આ લડાઈ લડવી પડશે. અમને નથી લાગતું કે અમે ક્યારેય કુસ્તી કરી શકીશું. અમારા માટે કોઈ જાતિવાદ નથી, પરંતુ તેઓ કહે છે કે અમે જાતિવાદ પાળીએ છીએ. અમે રાજનીતિ કરવા નથી આવ્યા પરંતુ અમારી બહેન-દીકરીઓ માટે લડવા આવ્યા છીએ.




### આતંકીઓએ સેનાના ટ્રક પર હુમલો કર્યો

# પુંછમાં સેના પર મોટો આતંકી હુમલો, ત્રણ જવાનો શહીદ

। શ્રીનગર, તા.૨૧ ।

જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં આતંકીઓએ સેનાના ટ્રક પર હુમલો કર્યો છે. આતંકીઓએ સેનાના ટ્રક પર ગોળીબારી કરી હતી. જેમાં ત્રણ જવાન શહીદ થયા છે. જ્યારે ત્રણ જવાનોને ઈજા થવાના સમાચાર સામે આવ્યા છે.

અધિકારીઓએ સેનાના જવાનોને લઈ જતા ટ્રક પર



આતંકીઓની ગોળીબારીની પુષ્ટિ કરી છે. અધિકારીઓએ જણાવ્યું કે થાનામંડી-સૂનરકોટ રોડ પર સાવની વિસ્તારમાં સેનાના વાહન પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આ વાહન બુફલિયાઝથી જવાનોને લઈ જઈ રહ્યું હતું. બુફલિયાઝમાં આતંકીઓ વિરુદ્ધ ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન બુધવાર (૨૦ ડિસેમ્બર)થી ચાલી રહ્યું છે. સેનાના એક પ્રવક્તાએ જણાવ્યું કે આ વિસ્તારમાં અથડામણ ચાલી રહી છે. તેમણે કહ્યું કે વધુ જવાનોને ઘટનાસ્થળ પર મોકલવામાં આવ્યા છે.

### કાયદા અંગે લોકસભાને માહિતી અપાઈ

# માર્ગ અકસ્માત કરીને ભાગી જનારને ૧૦ વર્ષની સજા થશે

। નવી દિલ્હી, તા.૨૧ ।

રોડ પર અકસ્માત કરીને ભાગી જનારા લોકો માટે મોટા સમાચાર છે. આ ગંભીર મુદ્દા બાબતે સરકાર દ્વારા મોટું પગલું ભરવામાં આવ્યું છે. ગૃહમંત્રી અમિત શાહે લોકસભામાં આ કાયદા અંગે માહિતી આપી આપતા જણાવ્યું હતું કે રોડ અકસ્માત કરનાર કોઈ વ્યક્તિ અકસ્માત કરીને ભાગી જાય છે અને ઈજાગ્રસ્ત વ્યક્તિને રસ્તા પર જ છોડી દે છે તો તેને ૧૦ વર્ષની સજા થશે. પરંતુ જો અકસ્માત સર્જનાર વ્યક્તિ ઘાયલને હોસ્પિટલ લઈ જશે તો સજા ઓછી થઈ જશે. આઈપીસીની કલમ ૧૦૪ હેઠળ, રોડ અકસ્માત દરમિયાન બેદરકારીથી મૃત્યુ, ઉતાવળ અથવા બેદરકારીથી મૃત્યુ થવાના ગુના માટે ૨ વર્ષની જેલ, દંડ અથવા બંનેની જોગવાઈ હતી. જો કે, નવો કાયદો લોકસભા દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે અને હવે આ કાયદો રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે, ત્યારબાદ રાષ્ટ્રપતિની મંજુરી મળ્યા બાદ તે કાયદો બની જશે. લોકસભાએ બુધવારે ત્રણ ગુનાહિત કાયદાઓને બદલવા માટે રજૂ કરાયેલા બિલને મંજૂરી આપી હતી. લાંબી ચર્ચા અને ગૃહમંત્રી અમિત શાહના વિગતવાર રજૂઆતપછી, ગૃહે ભારતીય ન્યાયિક સંહિતા (બીએનએસ) બિલ, ૨૦૨૩, ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા (બીએનએસએસ) બિલ, ૨૦૨૩ અને ભારતીય પુરાવા (બીએસ) બિલ, ૨૦૨૩ને મંજૂરી આપી હતી.









ન્યૂઝ બ્રિફ

## રાજકોટમાં સીંગતેલમાં વ્યાપક ભેળસેળની આશંકા સામે આવી

। રાજકોટ, તા.૨૧ ।

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી નકલીની ભરમાર જોવા મળી રહી છે. ત્યારે રાજકોટમાં સીંગતેલમાં વ્યાપક ભેળસેળની આશંકા છે. તો શહેર અને જિલ્લામાં આરોગ્ય વિભાગના મોટાપાયે દરોડા પાડ્યા છે. તો જિલ્લાની ૧૬ ઓઈલ મીલમાંથી તેલના નમૂના લેવામાં આવ્યા છે. તો શહેરની તેલની ૩ પેઢીઓમાંથી પણ નમૂના લેવામાં આવ્યા છે. તો આરોગ્ય વિભાગે તેલના ૨૪ નમૂના ટેસ્ટિંગ માટે મોકલ્યા છે. તો રાજ્યના ફૂડ વિભાગના આદેશથી આરોગ્ય વિભાગની કાર્યવાહી હાથ ધરી હોવાનું સામે આવી રહ્યું છે. તો બીજી તરફ અમરેલીના લીલીયાના પીપળવા ગામમાં પાણીના પ્લાન્ટના નામે નકલી ઘી બનાવવાનું રેકેટ ચાલતુ હોવાનું સામે આવ્યુ છે. બાતમીના આધારે પોલીસની ટીમે દરોડા પાડી નકલી ઘીનું નેટવર્ક ઝડપી લીધુ છે.

## પાટણમાં તસ્કરો બેફામ થયા ત્રણ દુકાનોના શટર તોડી ચોરી કરી

। પાટણ, તા.૨૧ ।

ઉત્તર ગુજરાતમાં તસ્કરો બેફામ બન્યા છે. ઠંડીના ચમકારા સાથે જ ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ચોરીના બનાવ વધવા લાગ્યા છે. પાટણમાં પણ તસ્કરોએ એક સાગમટે ત્રણ થી ચાર જેટલી દુકાનોને નિશાન બનાવ્યાની ઘટના સામે આવી છે. તસ્કર રાજને લઈ હવે પોલીસ પેટ્રોલિંગ સામે સવાલો સર્જાયા છે. પાટણ જિલ્લામાં વધુ એક ચોરીનો બનાવ નોંધાયો છે. શહેરમાં રાત્રી દરમિયાન તસ્કરોએ ત્રણથી ચાર દુકાનોને નિશાન બનાવી છે. તસ્કરોએ શટર તોડીને ચોરી કરવાની ઘટના નોંધાઈ છે.

## દ.ગુજરાત યુનિવર્સિટી-ની પરીક્ષામાં વિદ્યાર્થીની નવી કરતૂત ઝડપાઇ

। સુરત, તા.૨૧ ।

ઉત્તરવહી ચકાસનાર પ્રોફેસરે વિદ્યાર્થીને શૂન્ય માર્ક્સ આપ્યા હતા. તો આ કરતૂત કરવા બદલ વિદ્યાર્થીને યુનિવર્સિટીએ રૂ.૫૦૦નો દંડ ફટકાર્યો હતો. ઉત્તરવહીમાંથી મળેલી ચલણી નોટો વિદ્યાર્થીને પરત કરાઇ હતી. આ મામલે હવે યુનિવર્સિટી કડક પગલાં ભરી શકે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં વિદ્યાર્થીની નવી કરતૂત ઝડપાઈ છે. પરીક્ષામાં પાસ થવા વિદ્યાર્થીએ ઉત્તરવહીમાં રૂ.૫૦૦ અને રૂ.૨૦૦ની ચલણી નોટ મુકી હતી.

### થર્ટી ફર્સ્ટને લઈ અરવલ્લી પોલીસ એલર્ટ

# ગુજરાત-રાજસ્થાન સરહદની અલગ અલગ ૮ ચેકપોસ્ટ પર સઘન ચેકિંગ

### દરવર્ષની જેમ આ વર્ષે પણ શામળાજી નજીક આવેલી રતનપુર બોર્ડ પર પોલિસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે

। મોડાસા, તા.૨૧ ।

નવા વર્ષને લઈને અરવલ્લી અને રાજસ્થાન સરહદ પર પોલિસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. નવા વર્ષની ઉજવણી કરવા મોટી સંખ્યામાં ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાંથી યુવાઓ રાજસ્થાન તરફ જતાં હોય છે. સાથે જ બુટલેગરો વિદેશી દારૂ ગુજરાતમાં ઘૂસાડતા હોય છે. આવા પેંતરાઓને અટકાવવા અરવલ્લી જિલ્લા પોલિસ સતર્ક બની છે. દરવર્ષની જેમ આ વર્ષે પણ શામળાજી



નજીક આવેલી રતનપુર બોર્ડ પર પોલિસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. થર્ટી ફર્સ્ટને લઈ અરવલ્લી જિલ્લા પોલીસ એક્શનમાં આવી છે. ત્યારે ગુજરાત-રાજસ્થાન સરહદે આવેલી ચેકપોસ્ટ પર પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શામળાજી પાસે રતનપુર ચેકપોસ્ટ પર અન્ય રાજ્યોમાંથી આવતા નાના-મોટા તમામ વાહનોનું પોલીસ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. બહારના રાજ્યોમાંથી ૩૧ ડિસેમ્બરની ઉજવણી માટે કોઈ સામાજિક તત્વો દ્વારા નશીલા પદાર્થો કે કેફી પીણાં જેવી ચીજવસ્તુ ગુજરાતમાંનાં ઘુસે તે માટે કામગીરી હાથ ધરી છે. પોલીસ દ્વારા 'રાઉન્ડ ધ કલોક' પેટ્રોલિંગ સહિત ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. સાથે જ અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા એક્શન પ્લાન ઘડાયો છે જેમાં બોર્ડર વિસ્તારના ગેસ્ટ હાઉસ અને હોટલની સત્તત તપાસ કરવામાં આવશે. સંવદેદનશીલ ચેકપોઈન્ટ પર ઉચ્ચ અધિકારીઓને મૂકીને જિલ્લામાં શાંતિમય માહોલ બની રહે તેવો પ્રયાસ કરવામાં આવશે. ત્યારે અરવલ્લી જિલ્લા પોલીસ સરહદી વિસ્તારોમાં સીસીટીવી સર્વેલન્સ સાથે સતર્ક બની છે.



કાંકરિયા કાર્નિવલ નિમિત્તે કાંકરીયા લેક વોલ પર સ્વચ્છતા અભિયાનના પેન્ટીંગ કરી રહેલ પેઈન્ટર્સ.

## મંડળ રેલ પ્રબંધક, અમદાવાદએ વિકલાંગ (દ્રષ્ટિહીન) રેલવે કર્મચારીઓ સાથે વાતચીત કરી

। અમદાવાદ, તા.૨૧ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં એક મહત્વપૂર્ણ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ મંડળમાં કામ કરતા ૫૦ થી વધુ વિકલાંગ (દ્રષ્ટિહીન) રેલવે કર્મચારીઓ સાથે વાતચીત કરી હતી. આ મહત્વના પ્રસંગે, વિકલાંગ કર્મચારીઓએ તેમની સમસ્યાઓ, જરૂરિયાતો અને સૂચનો મંડળ રેલ પ્રબંધક સમક્ષ રજૂ કર્યા.

મંડળ રેલ પ્રબંધક શ્રી શર્માએ આ સત્રમાં તેમની સમસ્યાઓ સાંભળી હતી અને શક્ય તેટલી વહેલી તકે તેનું નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. આ દરમિયાન વિકલાંગ કર્મચારીઓએ આવાગમન સંબંધી કામને લગતી સમસ્યાઓ વગેરે અંગે તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. શ્રી શર્માએ વિકલાંગ કર્મચારીઓની સમસ્યાઓનું નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી અને તેમની સમસ્યાઓ અંગે પણ ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

આ વિચાર વિમર્શ સત્ર દરમિયાન અપર મંડળ રેલ પ્રબંધક શ્રી દયાનંદ સાહુ, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી જિતેશ અગ્રવાલ અને અન્ય કાર્મિક અધિકારીઓ પણ ઉપસ્થિત રહીને વિકલાંગ કર્મચારીઓની સમસ્યાઓનું ટૂંક સમયમાં નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી.

## સયાજી હોસ્પિટલમાં તૈયાર કરાયો કોરોનાનો અલાયદો વોર્ડ

### કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે

। વડોદરા, તા.૨૧ ।

કોરોનાને લઈને ફરી એક વખત સતર્ક થઇ જવાની જરૂર છે. કેમ કે ફરી કોરોના કેસ વધતા ચિંતા વધી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ આંકડા દર્શાવે છે કે છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના ૩૪૧ કેસ નોંધાયા છે, ત્યારે હવે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે. જેના પગલે વડોદરાના સયાજી હોસ્પિટલમાં તૈયારીઓ કરવામાં આવી છે. વડોદરામાં કોરોનાના નવા વેરિઅન્ટ સામે આરોગ્ય તંત્ર સતર્ક બન્યુ છે. સયાજી હોસ્પિટલમાં તૈયાર કરાયો કોરોનાનો અલાયદો વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. કોરોના વોર્ડમાં ઓક્સિજન સહિત ૨૬ બેડની વ્યવસ્થા કરાઈ છે. હોસ્પિટલમાં ૪૦ હજાર લીટરના ૨ ઓક્સિજન ટેક્ક તૈયાર કરાયા છે. જરૂરિયાત મુજબ કોરોના વોર્ડમાં બેડની સંખ્યા વધારાશે. હાલમાં સયાજી હોસ્પિટલમાં કોરોનાના એક પણ દર્દી નથી.

### શિક્ષણ વિભાગે એન્ટરન્સ એક્ઝામની જોગવાઈની જાહેરાત કરી

# ડિપ્લોમામાંથી ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા ફરજિયાત

। ગાંધીનગર, તા.૨૧ ।

નવા શૈક્ષણિક વર્ષથી ડિપ્લોમા ના અભ્યાસ બાદ ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવવા માટે ટેકનિકલ શિક્ષણ વિભાગે એન્ટરન્સ એક્ઝામની જોગવાઈની જાહેરાત કરી હતી. શિક્ષણ વિભાગના ધ્યાને આવ્યું હતું કે ડિપ્લોમા માંથી ડિગ્રીમાં પ્રવેશ દરમિયાન ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે સંકળાયેલ ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજમાં પ્રો રેટાના આધારે પ્રવેશ હોવાથી વિદ્યાર્થીઓની બેઠકોની સંખ્યા ઓછા પ્રમાણમાં હતી. આ સિવાય પ્રાઈવેટ કોલેજો ના પ્રમાણમાં સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓને અન્યાય થઈ રહ્યો હતો. અનેક રજુઆત બાદ આખરે ટેક્નિકલ શિક્ષણ વિભાગે પ્રવેશ પરીક્ષાની જાહેરાત કરી છે. જેથી હવે શ્રેષ્ઠ ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ માટે કોમન એન્ટરન્સ એક્ઝામના આધારે પ્રવેશ અપાશે. જેથી તમામ વિદ્યાર્થીઓ ને સમાન તક મળી રહેશે.

પ્રવેશ પરીક્ષામાં કેમેસ્ટ્રી, ફિઝિક્સ અને મેથેમેટિક્સ વિષયમાંથી વિદ્યાર્થીઓને સવાલો પૂછવામાં આવશે. ૨૦૦ માર્કની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને ૧૫૦ મિનિટનો સમય આપવામાં આવશે. પહેલીવાર એન્ટરન્સ એક્ઝામ હોવાથી પ્રવેશ સમિતિ દ્વારા રાજ્યના અલગ- અલગ સ્થાન ઉપર વિદ્યાર્થીઓનું કાઉન્સિલિંગ પણ કરવામાં આવશે. આ પરીક્ષામાં નેગેટિવ માર્કિંગ સિસ્ટમ પણ દાખલ કરવામાં આવી છે, એટલે કે જે વિદ્યાર્થી પ્રશ્નનો ખોટો જવાબ આવશે તમને અડધો માર્ક કપાશે. ડિપ્લોમા માંથી ડિગ્રી એન્જિનિયરિંગમાં જવા માંગતા વિદ્યાર્થીઓને ગુજરાતી અને અંગ્રેજી એમ બંને માધ્યમમાં પરીક્ષા લેવામાં આવશે, જ્યારે ડિપ્લોમા માંથી ડિગ્રી ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ માત્ર અંગ્રેજીમાં જ પરીક્ષા આપવાની રહેશે.

સૌથી મોટી વાત એ છે કે ડિપ્લોમા એન્જિનિયરિંગ કરતા વિદ્યાર્થીઓને પોતાની મૂળ બ્રાન્ચ સિવાય અન્ય બ્રાન્ચમાં પ્રવેશ લેવાની છૂટ પણ આપવમાં આવી છે. આ સિવાય પાંચ ટકા બેઠકો અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓ માટે પણ ફાળવવામાં આવી છે.

## ભાભર વિસ્તારમાં ૧૫ ફૂટ જેટલું મોટું ગાબડું પડવાને લઈ ખેડૂતોના ખેતરમાં પાણી ફરી વળ્યા

### ગાબડાં પડવાને લઈ ખેડૂતોને કેનાલમાં પાણી વિના મરામત ના થાય ત્યાં સુધી રાહ જોવી પડે છે

। ભાભર, તા.૨૧ ।

બનાસકાંઠા જિલ્લામાં વધુ એકવાર કેનાલમાં ગાબડું પડવાની ઘટના સામે આવી છે. ભાભર વિસ્તારમાં ૧૫ ફૂટ જેટલું મોટું ગાબડું પડવાને લઈ ખેડૂતોના ખેતરમાં પાણી ફરી વળ્યા હતા. નબળી કામગીરી અને કેનાલમાં સફાઈના અભાવે ગાબડું પડવાની ઘટના સર્જાઈ હોવાનો ખેડૂતોએ રોષ ઠાલવ્યો હતો. વારંવાર કેનાલમાં ગાબડાં પડવાની ઘટનાને લઈ ખેડૂતો પણ પરેશાન બન્યા છે. ભાભરની સણવા ડિસ્ટ્રીબ્યુટર કેનાલમાં ગાબડું પડવાને લઈ ખેડૂતોને ખેતીના પાકમાં નુક્સાન સર્જાયુ છે. કેનાલમાં લગભગ પંદરેક ફૂટ લાંબુ ગાબડુ પડ્યું હતુ. કેનાલની નબળી કામગીરીને લઈ આ કેનાલમાં ગાબડું સર્જાયું હોવાના આક્ષેપો સ્થાનિક ખેડૂતો કર્યા હતા. કેનાલમાં સફાઈના અભાવે પણ ગાબડા સર્જાય છે. ગાબડાં પડવાને લઈ ખેડૂતોને કેનાલમાં પાણી વિના મરામત ના થાય ત્યાં સુધી રાહ જોવી પડે છે. બનાસકાંઠા જિલ્લામાં વારંવાર કેનાલમાં ગાબડાં પડવાની ઘટનાઓ સામે આવી રહી છે.

વિશેષ

### 'નેટ ઝીરો વોટર ઇનબિલ્ટ એન્વાયરમેન્ટ' વિષય વસ્તુ સાથે ત્રિદિવસીય કોન્ફરન્સ

# મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં, ગુજરાતમાં તળાવોને ઇન્ટરલીન્ક કરવાનું કામ ચાલી રહ્યું છે : મંત્રી જગદીશ વિશ્વકર્મા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાત નેટ ઝીરો તરફ મક્કમ ગતિએ આગળ વધી રહ્યુ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતમાં ગ્રીન બિલ્ડિંગ અને તેનાં ઝીરો ડિસ્ચાર્જ વ્યવસ્થા વિકસેલી છે. વડાપ્રધાનશ્રીએ પાણીને પરમેશ્વરનો પ્રસાદ માનીને વિવેકપૂર્ણ ઉપયોગ માટે આપેલી શીખને અનુસરતા હવે 'નેટ ઝીરો વોટર ઈનબિલ્ટ એન્વાયરમેન્ટ' તરફ આગળ વધવું છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદમાં ૨૯મી ઈન્ડિયન પ્લમ્બિંગ કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો. આ ત્રિદિવસીય કોન્ફરન્સમાં થનારી ચર્ચા-તારણો સરકાર માટે ઉપયોગી બનશે એવો વિશ્વાસ પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દર્શાવ્યો હતો.

તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રીએ મિશન લાઈફ દ્વારા આપણા રોજબરોજના જીવનમાં પણ પાણી, વીજળી બચાવવા અને પર્યાવરણ જાળવણી સાથેની જીવનશૈલી અપનાવવાનો કોન્સેપ્ટ આપ્યો છે.

તાજેતરમાં વડાપ્રધાનશ્રીના હસ્તે સુરતમાં ખુલ્લું મુકવામાં આવેલું ડાયમંડ બુર્સનું વર્લ્ડક્લાસ બિલ્ડિંગ પણ ઝીરો ડિસ્ચાર્જ ટેક્નિકનું ઉત્તમ ઉદાહરણ છે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીઘર્દ્રષ્ટિથી ગુજરાતે તો ક્લાઈમેટ ચેન્જના પડકારો સામે આયોજન, ૨૨૦ની સફળતા, રણ પ્રદેશના ધોરડો જેવા નાના ગામને વર્લ્ડ બેસ્ટ






ટૂરિઝમ વિલેજ બનાવવા જેવી સિધ્ધીઓ મેળવેલી છે. દુનિયાના વિકસિત દેશો પણ આજે ભારતની ક્ષમતા અને સામર્થ્યની નોંધ લે છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વિઝનરી લીડરશિપવાળી એક વ્યક્તિ કેવા મોટાં બદલાવ લાવી શકે તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ બતાવ્યું છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે પાણીનું એક પણ ટીપું વ્યય ન થાય અને ઉપલબ્ધ પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ થાય તેને બિલ્ડર્સ, ઉદ્યોગકારો, પ્લમ્બિંગ સેક્ટર સાથે સંકળાયેલા વેપારીઓ સૌની સહિયારી જવાબદારી ગણાવી હતી. તેમણે કહ્યું કે, નળમાંથી ટપકતા એક એક ટીપાને અટકાવીને વર્ષે દિવસે હજારો લીટર પાણી બચાવી શકાય છે. આ અવસરે સહકાર અને લઘુ-સુક્ષ્મ ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આજે ગુજરાત વરસાદી પાણીના બચાવ અને જળસંચય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી રહ્યું છે તેનો શ્રેય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. તેમણે કહ્યું કે, વિશ્વના ત્રણ દેશોમાં જ ક્લાઈમેટ ચેન્જ વિભાગ કાર્યરત હતા, એવા સમયમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં આલાયદો ક્લાઈમેટ ચેન્જ વિભાગ શરૂ કર્યો. આ સાથેજ તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીકે પદભાર સંભાળ્યો ત્યારે દેશમાં લોકોના ઘરોમાં માત્ર ૧૪% પાણીની લાઈનોના કનેક્શન હતા, પરંતુ તેમના સફળ નેતૃત્ત્વ હેઠળ આજે ગુજરાત અને ભારતમાં મોટા ભાગના લોકોના ઘરોમાં પાણીની લાઈનોના કનેક્શનો પહોંચાડાયા છે.

આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં તળાવોને ઈન્ટરલીક્ર કરવાનું કામ ચાલી રહ્યું છે. તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ આઈ.ટી.આઈ જેવી સંસ્થાઓમાં વોટર પ્લમ્બિંગનો કોર્સ શરૂ કરવાનું સૂચન પણ કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, નેશનલ પ્લમ્બિંગ કોન્ફરન્સમાં અહીંયા જે પણ એન્જિનિયર અને મહાનુભાવો ઉપસ્થિત છે તે તમામ આ ક્ષેત્રમાં નિષ્ણાત છે. પાણી બચાવવા અને અને ભવિષ્યમાં લોકોને શુદ્ધ પાણી મળી રહે તે માટે તેમના સાર્થક પ્રયત્નો બદલ શુભેચ્છાઓ પાઠવું છું. આ અવસરે મુખ્યમંત્રીશ્રીના હસ્તે બી.ઓ. પ્રસન્ન કુમારને IPA લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ-૨૦૨૩ એનાયત કરવામાં આવ્યો હતો. સાથોસાથ નોંધપાત્ર યોગદાન બદલ ડિસ્ટિંગવીશ પાર્ટનર એવોર્ડ પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે આપવામાં આવ્યા હતાં આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ઈન્ડીયન પ્લમ્બિંગ એસોસિયેશનના નેશનલ પ્રેસિડેન્ટ શ્રી ગુરમીતસિંઘ અરોરા, HCPના ડાયરેક્ટર શ્રી બિમલ પટેલ, IPA-અમદાવાદના ચેરમેન શ્રી મિનેશ શાહ તેમજ પ્લમ્બિંગ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા એન્જિનિયર, ઉદ્યોગકારો તેમજ ક્ષેત્ર તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સની સર્વિસ ઠપ થઈ

। વોશિંગ્ટન, તા.૨૧ ।

ઈલોન મસ્કનું સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (ટ્વીટર) ડાઉન હોવાના અહેવાલ મળી રહ્યા છે. આજે સવારથી યુઝર્સ એક્સ પર કોઈપણ પોસ્ટ જોઈ શકતા નથી. આ સમસ્યાનો સામનો વેરિફાઈડ અને અન-વેરિફાઈડ એમ બંને યુઝર્સ કરી રહ્યા છે. એક્સ ઓપન કરવા પર વેલકમ ટૂ એક્સ! લખેલું દેખાઈ રહ્યું છે પરંતુ તે પછી કોઈપણ પ્રકારની પોસ્ટ દેખાઈ રહી નથી. મોબાઈલ અને ડેસ્કટોપ બંને યુઝર્સને આ સમસ્યા આવી રહી છે. હાલમાં કોઈ યુઝર્સના પ્રોફાઈલ પર ગયા પછી પણ તે યુઝરનો પોસ્ટ દેખાઈ રહી નથી. ટાઈમલાઈન પર પણ કોઈ કન્ટેન્ટ દેખાઈ રહ્યું નથી. લોકપ્રિય સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સના ડાઉન થવાની પુષ્ટિ ડાઉન ડિટેક્ટરદ્વારા પણ કરવામાં આવી છે. લગભગ ૨૫૦૦ યુઝર્સે થોડી જ મિનિટોમાં ડાઉન ડિટેક્ટરપર ફરિયાદ કરી છે.

### માઉસ ફિવરથી રશિયાના સૈનિકોની લડવાની ક્ષમતામાં ઘટાડો થયો

। મોસ્કો, તા.૨૧ ।

યુક્રેને દાવો કર્યો છે કે એક બીમારીને કારણે રશિયન સૈનિકોમાં લડવાની ક્ષમતા ખતમ થઈ રહી છે. આ બીમારીને કારણે લોકોની આંખમાંથી લોહી વહેવા માંડે છે, માથું દુ:ખે છે અને દિવસમાં અનેકવાર વોમિટિંગ થાય છે. યુક્રેનના મુખ્ય ગુપ્તચર વિભાગે કુપિયાંસ્કમાં રશિયન સૈનિકોની યુનિટની વચ્ચે તથાકથિત માઉસ ફીવર ફેલાઈ જવાની જાણકારી આપી છે. આ રોગ એક પ્રકારનો સ્ટ્રેપ્ટોકોકલ (એક પ્રકારના બેક્ટેરિયા) નું સંક્રમણ છે અને તે ઉંદર સાથે સીધા સંપર્કમાં આવતા કે તેના મળની આજુબાજુ શ્વાસ લેવાને કારણે માનવીમાં ફેલાય છે. યુક્રેને કહ્યું કે આ બીમારીના અનેક લક્ષણોમાં ગંભીર માથાનો દુ:ખાવો, શરીરનું તાપમાન ૪૦ ડિગ્રી સુધી વધી જવું, લાલ ચામઠાં પડી જવા, બ્લડ પ્રેશરમાં ઘટાડો, આંખોથી લોહી વહેવું અને દિવસે અનેકવાર વોમિટ થવી સામેલ છે. યુક્રેનને દાવો કર્યો કે રશિયાના સૈનિકોએ તેમના કમાન્ડરોને આ બીમારી વિશે જાણકારી આપી હતી પણ તેમની ફરિયાદની અવગણના કરી દેવામાં આવી હતી. આ માઉસ ફીવર હવે સૈનિકો માટે ગંભીર મહામારીનું સ્વરૂપ ધારણ કરી રહ્યું છે.

# રવિન્દ્ર, મિશેલ અને શાર્દુલના રૂપમાં 3 મુખ્ય ખેલાડીઓ ખરીદ્યા



। નવી દિલ્હી, તા.૨૧ ।

ચેન્નાઈ સુપર કિંગ્સ વર્તમાન ઈન્ડિયન પ્રીમિયર લીગની સૌથી સફળ ટીમોમાંની એક અને ગત ટ્રોફીની ચેમ્પિયન ટીમ છે. ટીમે અત્યાર સુધીની તમામ ટૂર્નામેન્ટ મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટન્સીમાં રમી છે. માહી ભાઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધાને ૨ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. દર વખતે IPL પૂરી થાય ત્યારે જ, આ ફોર્મેટને પણ અલવિદા કહેવાની ચર્ચા વેગ પકડે છે. ચેન્નાઈના કોચ સ્ટીફન ફલેમિંગે આગામી સિઝન માટે ખેલાડીઓની હરાજી પર આ વિશે વાત કરી હતી. IPL Auction 2024 માં પાંચ વખતની ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સે મંગળવારની હરાજીમાં ન્યુઝીલેન્ડના રચિન રવિન્દ્ર, ડેરીલ મિશેલ અને ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુરના રૂપમાં ત્રણ મુખ્ય ખેલાડીઓ ખરીદ્યા. સુપરકિંગ્સના મુખ્ય કોચ સ્ટીફન ફલેમિંગે કહ્યું, તમે કોને ખરીદો છો તે માત્ર એટલું જ નહીં પરંતુ તેની પાછળ તમે જે યોજના બનાવો છો તે પણ મહત્વનું છે. મિશેલ સ્પષ્ટપણે એક મહત્વપૂર્ણ ખેલાડી છે. અલબત્ત તે પણ નર્વસ હતો. હું ખુશ છું કે અમારા માટે બધું સારું રહ્યું. જો કે, જ્યારે અનુભવી મહેન્દ્ર સિંહ ધોનીના ઉત્તરાધિકારની યોજનાઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે ફલેમિંગે ખુલીને કશું કહ્યું ન હતું. તેણે કહ્યું, ‘‘અમારી પાસે લગભગ ૧૦ વર્ષથી ધોનીના ઉત્તરાધિકારીની યોજના હતી. તે ચર્ચાનો વિષય બનવા જઈ રહ્યો છે, પરંતુ ધોની એટલો જ વ્યસ્ત અને ઉત્સાહી છે જેટલો મેં તેને અગાઉનાં સમયમાં જોયો છે. ડેરીલ એક અલગ પ્રકારનો ખેલાડી છે પરંતુ છેલ્લા ૧૮ થી ૨૪ મહિનામાં તેના પ્રદર્શનને કારણે તેને આ પ્રકારની કિંમત મળી છે,’’ ફલેમિંગે કહ્યું. તે સ્પિન રમવાની ક્ષમતાથી ખૂબ ઉપયોગી સાબિત થાય છે અને તે ઉપયોગી બોલર પણ છે. અમે તેને ચેપોકમાં આ રોલમાં કાસ્ટ કરી શકીએ છીએ. તેના પ્રદર્શનથી તે અમારી તમામ યોજનાઓમાં બંધબેસે છે અને અમારા માટે સારી પસંદગી છે.





તમિલનાડુના તુતીકોરિન જિલ્લામાં ભારે વરસાદ પછી પૂરની સ્થિતિ સર્જાતા એનડીઆરએફના જવાનો દ્વારા ફસાયેલા લોકોને ખોરાક અને અન્ય આવશ્યક સામગ્રી આપતા નજરે પડે છે.

### દિલ્હી ટ્રાફિક પોલીસના એક રિપોર્ટમાં ખુલાસો

## દિલ્હીમાં રાતે ૧૦થી ૧૨માં વધારે અકસ્માત થાય છે

### ૨૦૨૧માં આ બે કલાક દરમિયાન ૨૧૯ લોકોના મોત થયા હતા : વર્ષ ૨૦૨૨માં ૨૨૫ લોકોએ જીવ ગુમાવ્યા

। નવી દિલ્હી, તા.૨૧ ।

દેશની રાજધાની દિલ્હીના માર્ગો પર રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી ૧૨:૦૦ વાગ્યાની વચ્ચે માર્ગ અકસ્માતમાં સૌથી વધુ મોતની ઘટના ગત વર્ષે બની છે. આ ખુલાસો દિલ્હી ટ્રાફિક પોલીસના એક રિપોર્ટમાં થયો છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે, છેલ્લા બે વર્ષોથી સતત રાત્રે ૧૦:૦૦ થી ૧૨:૦૦ વાગ્યાની વચ્ચે માર્ગ અકસ્માતમાં સૌથી વધુ મોત થઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૧માં આ બે કલાક દરમિયાન ૨૧૯ લોકોના મોત થયા હતા ત્યારે બીજી તરફ વર્ષ ૨૦૨૨માં ૨૨૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. ટ્રાફિક પોલીસના જણાવ્યા પ્રમાણે દિલ્હીમાં દર વર્ષે દિવસના મુકાબલે રાત્રે વધુ જીવલેણ માર્ગ અકસ્માત સર્જાય છે. વર્ષ ૨૦૨૨માં દિવસમાં દિવસે ૬૨૨ જીવલેણ અકસ્માત થયા હતા તો રાત્રે ૮૦૬ ઘટના નોંધાઈ હતી. ટ્રાફિક પોલીસના રિપોર્ટમાં જણાવવામાં આવ્યુ છે કે, વર્ષ ૨૦૨૨માં રાત્રે ૧૦:૦૦ થી ૧૨:૦૦ વાગ્યાની વચ્ચે સૌથી વધુ માર્ગ અકસમાત થયા જેમાં ૨૨૫ લોકોના મોત થઈ ગયા હતા.

રાત્રે ૧૨:૦૦ થી ૨:૦૦ વાગ્યા વચ્ચે ૧૭૭ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો. જ્યારે રાત્રે ૮:૦૦થી ૧૦:૦૦ વાગ્યા વચ્ચે ૧૬૩ લોકોનો મોત થઈ ગયા. સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા વચ્ચે સૌથી ઓછા ૮૩ જીવલેણ અકસ્માત સર્જાયા હતા. સોમવારના દિવસે સૌથી વધુ ઘટના બની હતી. ટ્રાફિક પોલીસના રિપોર્ટમાં જણાવ્યું કે, વર્ષ ૨૦૨૧માં મંગળવારે સૌથી ઓછા જીવલેણ માર્ગ અકસ્માત (૧૫૨) થયા. બીજી તરફ વર્ષ ૨૦૨૨માં બુધવારે સૌથી ઓછા જીવલેણ માર્ગ અકસ્માત (૧૮૦) નોંધાયા.

દિલ્હી ટ્રાફિક પોલીસે જણાવ્યું કે, ૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૨માં રાજધાનીમાં માર્ગ અકસ્માતમાં ૨૫ ટકા વધુ મોત થયા છે. વર્ષ ૨૦૨૧માં માર્ગ અકસ્માતમાં ૫૦૪ લોકોના મોત થયા હતા જ્યારે વર્ષ ૨૦૨૨માં માર્ગ અકસ્માતમાં ૬૨૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા. વર્ષ ૨૦૨૨માં ટુ-વ્હીલર સવારોને કારણે થતા મૃત્યુમાં પણ ૧૮%નો વધારો થયો છે. વર્ષ ૨૦૨૧માં ૪૭૨ ટુ-વ્હીલર સવારોના માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયા હતા જ્યારે વર્ષ ૨૦૨૨માં માર્ગ અકસ્માતમાં ૫૫૨ ટુ-વ્હીલર સવારોના મોત થયા હતા.

# ધોનીના ચાહકોએ કહ્યું આરસીબી બહુ સારી ટીમ

### દુબઈના પ્રવાસે ગયેલા ધોનીનો વીડિયો ત્યાંના પ્રશંસકો સાથે ચર્ચામાં હતો અને હાલમાં તે ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે

। નવી દિલ્હી, તા.૨૧ ।

એક તરફ IPL 2024 Auction એટલે કે હરાજી પૂરી જ થઈ છે તો બીજી તરફ ચેન્નાઈ સુપર કિંગ્સનાં કેપ્ટન અને ક્રિકેટ ચાહકોનાં ચહિતા ધોનીએ બેંગલુરુ રોયલ ચેલેન્જરના એક પ્રશંસકને આપેલો પ્રતિસાદ હાલ સોશ્યળ મીડિયામાં વાયરલ છે. RCBનાં ફેન દ્વારા તેને બેંગલોરની ટીમમાં આવવા અને ટ્રોફી લઈ આવવા કહેવામાં આવ્યું હતું અને ધોનીનાં જવાબે CSK સહિત ક્રિકેટ ચાહકોને સ્તબ્ધ કરી દીધા હતા. 2024 IPL ક્રિકેટ ટુર્નામેન્ટ માટે મિની હરાજી ૧૯મીએ દુબઈમાં યોજાઈ હતી. આ કિસ્સામાં, દુબઈના પ્રવાસે ગયેલા CSKના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીનો



વીડિયો ત્યાંના પ્રશંસકો સાથે ચર્ચામાં હતો અને હાલમાં તે ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં એક RCB ચાહકે પોતાની ઓળખ ૧૬ વર્ષ જૂના આરસીબી ફેન તરીકે આપી હતી. તેણે કહ્યું કે તેણે CSK ટીમ માટે 5 IPL ટ્રોફી જીતી છે. તો હવે તેણે ધોનીને RCB ટીમમાં આવવા અને માત્ર એક જ વાર IPL ટ્રોફી જીતવા માટે આગ્રહપૂર્વક વિનંતી કરી હતી. જવાબમાં ધોનીએ RCB ટીમને શ્રેષ્ઠ ટીમ ગણાવીને વખાણ કર્યા હતા. તેણે એમ પણ કહ્યું કે જ્યારે ક્રિકેટની વાત આવે છે ત્યારે બધું જ પ્લાન મુજબ થતું નથી. તેણે કહ્યું હતું કે દરેક ટીમ પાસે ટ્રોફી જીતવા માટે પૂરતા સારા ખેલાડીઓ હોય છે, પરંતુ જ્યારે ખેલાડીઓ ઈજાના કારણે સમયસર રમી શકતા નથી ત્યારે સમસ્યા સર્જાય છે. ધોનીએ કહ્યું કે આ સમયે તેની પાસે CSK ટીમમાં પણ ચિંતા કરવા જેવી ઘણી બાબતો છે. તેણે ફેનને સામે પૂછ્યું હતું કે જો તે CSK છોડીને બીજી ટીમને ટ્રોફી જીતવામાં મદદ કરે તો તેના ચાહકો શું વિચારશે. ઉપરાંત, ધોનીનો જવાબ સાંભળીને CSKના ચાહકો પણ ચોંકયા હતા.

### ઉત્તર કોરિયાના શાસકની ધમકીથી અનેક દેશો ચિંતિત

## ઉશ્કેરણી કરાશે તો પરમાણુ બોમ્બ ઝિંકતા વાર નહીં લાગે : કિમજોંગ

। પ્યોંગયંગ, તા.૨૧ ।

દુનિયા હાલમાં બે મહાયુદ્ધ જોઈ રહી છે. આશરે બે વર્ષથી યુક્રેન અને રશિયા વચ્ચે તો બીજી બાજુ ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લા બે મહિના કરતાં વધુ સમયથી યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. દરમિયાન ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગની ધમકીએ દુનિયાના ઘણાં દેશો ખાસ કરીને અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયાની ચિંતા વધારી દીધી છે. એક અહેવાલોમાં દાવો કરાયો હતો કે કિમ જોંગ ઉને ચેતવણી ઉચ્ચારી હતી કે જો કોઈ શત્રુ દેશ પરમાણુ બોમ્બથી ઉશ્કેરણી કરશે તો અમે પરમાણુ હુમલો કરવામાં જરાય ખચકાઈશું નહીં. ઉલ્લેખનીય છે કે અમેરિકા અને દ.કોરિયા એકસાથે પરમાણુ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા હોવાથી કિમ જોંગ ભડક્યાં છે.

જોકે કિમની ચેતવણી પણ અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાન જેવા દેશો ચિંતિત દેખાઈ રહ્યા છે. કિમ જોંગે પણ આ ધમકી ત્યારે આપી હતી જ્યારે તેઓ ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ પરીક્ષણ દરમિયાન સૈનિકો સાથે મુલાકાત કરવા પહોંચ્યા હતા.

### સુરક્ષામાં ચૂક મામલે સાંસદોનું આક્રમક વલણ

## વિપક્ષી સાંસદોની સંસદથી વિજય ચોક સુધી કૂચ યોજાઈ

। નવી દિલ્હી, તા.૨૧ ।

સંસદમાંથી સસ્પેન્ડ કરાયેલા સાંસદોએ સંસદની સુરક્ષામાં ચૂક મામલે આજે સરકાર પર આક્રમક વલણ અપનાવતા વિપક્ષી સાંસદોએ સંસદ ભવનથી વિજય ચોક સુધી કૂચ કરી રહ્યા છે. આ કૂચ ૧૪૦થી સાંસદોના સસ્પેન્શન વિરુદ્ધ કરવામાં આવી રહી છે. આ કૂચ મામલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે આજે અમે જે દેખાવ કરી રહ્યા છીએ તે તેમની વિરુદ્ધ આંદોલન છે. સરકાર અને ગૃહના વડા નથી ઈચ્છતા કે સદન ચાલે. લોકશાહી આપણને ગૃહમાં વાત કરવાનો અધિકાર આપે છે. સંસદની સુરક્ષામાં ચૂક કેવી રીતે થઈ તે મામલે અમે સરકાર પાસે જવાબ માંગતા હતા.

# યુઝર્સ પાસેથી વધુ ચાર્જ વસૂલવા બદલ ગુગલને ૭૦ કરોડ ડોલરનો દંડ

। વોશિંગ્ટન, તા.૨૧ ।

વિશ્વની સૌથી મોટી ટેક કંપની ગૂગલને ફરી એક મોટો ઝટકો લાગ્યો છે. કંપની પર અમેરિકાની એક કોર્ટે ૭૦ કરોડ ડોલરની દંડ ફટકાર્યો છે. જેમાંથી ૬૩ કરોડ ડોલર લોકોમાં વહેંચવામાં આવશે અને બાકીના ૭ કરોડ ડોલર એક ફંડમાં જમા થશે. આલ્ફાબેટની માલિકીની Google Inc. પર એન્ડ્રોઈડ પ્લે સ્ટોરનો દુરુપયોગ કરી યુઝર્સ પાસેથી વધુ ચાર્જ વસૂલવાનો આરોપ હતો. કંપની એન્ડ્રોઈડ પ્લે સ્ટોર પર ઈન-એપ પરચેઝ અને અન્ય નિયંત્રણો લાદીને આ પૈસા વસૂલી રહી હતી. જો કે ગૂગલે આવી કોઈપણ ખોટી રીતનો ઉપયોગ કરવાનો ઈનકાર કર્યો છે. પરંતુ તે લોકોને દંડ ભરવા સંમત થઈ હતી. તે પ્લે સ્ટોર પર હેલ્થી કોમ્પીટીશન માટે જગ્યા આપવા માટે પણ સંમત થઈ છે. મળેલા અહેવાલો મુજબ કોર્ટે કંપનીને ૭૦ કરોડ ડોલર ચુકવવા કહ્યું છે.

જેમાંથી ૬૩ કરોડ ડોલર અમેરિકાના ૫૦ રાજ્યોમાં રહેતા ૧૦ કરોડ લોકોમાં વહેંચવામાં આવશે. આ સિવાય ડીસી, પ્યુર્ટો રિકો અને યુએસ વર્જિન આઈલેન્ડમાં પણ પૈસા આપવામાં આવશે. સપ્ટેમ્બરમાં જ આ સમજૂતી થઈ હતી. પરંતુ આ સમાચાર હાલમાં જ સામે આવ્યા છે. હાલમાં આ સમાધાન ન્યાયાધીશની અંતિમ મંજૂરીની રાહ જોઈ રહ્યું છે.

અહેવાલો મુજબ કુલ ૧૦ કરોડ યુઝર્સમાંથી ૭ કરોડ યુઝર્સને ગૂગલ પાસેથી પૈસા લેવા માટે કોઈપણ પ્રકારના પેપરવર્ક કરવાની જરૂર પડશે નહીં. તેમને વળતરની રકમ આપોઆપ મળી જશે. જે લોકોએ ૧૬ ઓગસ્ટ, ૨૦૧૬થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન પ્લે સ્ટોર પરથી આ એપ્સ ખરીદી છે અથવા કોઈપણ એપ ખરીદી છે તેમને આ વળતર આપવામાં આવશે. કોર્ટે સ્વીકાર્યું છે કે ગૂગલનો એપ બિઝનેસ સ્પર્ધાની વિરુદ્ધ હતો. જો કે ગૂગલનું કહેવું છે કે તેણે અમેરિકન ગ્રાહકો માટે ચોઈસ બિલિંગ રજૂ કર્યું હતું. અમે ગ્રાહકોને ગેમ અને અન્ય પ્લેટફોર્મ પર આ એપ્સ ખરીદવાનો વિકલ્પ આપ્યો હતો. ગૂગલ પર ડેવલપર્સને તેના પ્લે સ્ટોરનો ઉપયોગ કરવા દબાણ કરવાનો આરોપ હતો.

# લોકતંત્રના મંદિરને જ સ્મશાન ઘાટમાં ફેરવી નખાયું : ઉદ્ધવ

### વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહને લોકતંત્ર, બંધારણ અને વ્યક્તિગત સ્વતંત્રતા સાથે કોઈ પ્રેમ નથી

। મુંબઈ, તા.૨૧ ।

ઉદ્ધવ ઠાકરેની પાર્ટી શિવસેના (યુબીટી) એ તેના મુખપત્ર સામનામાં એક લેખ દ્વારા સંસદમાંથી ૧૪૩ સાંસદોને સસ્પેન્ડ કરવા મામલે ભાજપ સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમાં લખ્યું છે કે વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહને લોકતંત્ર, બંધારણ અને વ્યક્તિગત સ્વતંત્રતા સાથે કોઈ પ્રેમ નથી. વડાપ્રધાન બોલે છે કંઈક અને કરે છે કંઈક.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે આ તેમનો આત્મવિશ્વાસ છે અને તેઓ એવું માને છે કે લોકો મુર્ખ છે અને અમે તેમને સરળતાથી મુર્ખ બનાવી શકીએ છીએ જે



ખરેખર મુર્ખ નથી. સામનામાં કહેવાયું છે કે ભાજપની સંસદીય બેઠકમાં મોદીએ તેમના સાંસદોને જ્ઞાન આપ્યું.

સામનામાં લખાયું છે કે સંસદમાં ઘૂસણખોરી કેમ અને કેવી રીતે થઈ? આ ઘટના પાછળ જવાબદાર કોણ છે? આ સવાલ જો વિપક્ષી દળો ગૃહમાં પૂછી પણ લીધો તો શું ગુનો કર્યો? ગૃહમંત્રીએ આ મુદ્દે બહાર ભાષણબાજી કરવાની જગ્યાએ સંસદમાં બોલવાની જરૂર છે. સંસદનું સત્ર ચાલે છે અને વડાપ્રધાન, ગૃહમંત્રી ઘૂસણખોરીને લઈને ખુલાસા કરવા ફરી રહ્યા છે. સવાલ ઊઠાવનારા ૧૪૩ સાંસદોને તો સરકારે સસ્પેન્ડ કરી દીધા છે. ખરેખર તો પીએમ મોદી ફરી વિપક્ષ પર આરોપ મૂકી લોકતંત્રની મિમિક્રી કરી રહ્યા છે.

શિવસેનાએ આગળ લખ્યું છે કે ૨૨ જાન્યુઆરીએ વડાપ્રધાન ભવ્ય શ્રીરામ મંદિરનું ઉદઘાટન કરવા જઈ રહ્યા છે પણ તેમણે લોકતંત્રના મંદિરને જ શ્મશાન ઘાટમાં ફેરવી નાખ્યું. તેના પર શું કહેશો? શું તેમને રામમંદિરનું ઉદઘાટન કરવાનો અધિકાર છે? મોદી કહે છે કે વિધાનસભા ચૂંટણી હારવાને કારણે વિપક્ષ હતાશ છે પણ એવું કંઈ જ નથી.

સામનામાં શિવસેનાએ આરોપ મૂક્યો કે ૩ રાજ્યોમાં ભાજપના વિજય પાછળ ઈવીએમ જ જવાબદાર છે. ભાજપના નેતાઓ પર વિજનો નશો અને ઉન્માદ ચઢી ગયો છે. આ ઉન્માદમાં તે સંસદના નિયમ અને બંધારણને આગ ચાંપી તેને શ્મશાન બનાવી રહ્યા છે.

### ભારત ચંદ્ર પર પહોંચી ગયું, પાક હજી જમીન પર : શરીફ

। ઈસ્લામાબાદ, તા.૨૧ ।

પાકિસ્તાનમાં યોજાનારી આગામી ચૂંટણીઓમાં જો નવાઝ શરીફ વડાપ્રધાન બન્યા તો ભારત સાથે પાકિસ્તાનના સબંધો સુધરી શકે છે તેમ લાગી રહ્યુ છે. નવાઝ શરીફ ચૂંટણી પ્રચારમાં ભારતની પ્રશંસા કરતા એક પછી એક નિવેદનો આપી રહ્યા છે. બુધવારે ફરી એક વખત પાર્ટીના નેતાઓ અને કાર્યકરોને સંબોધન કરતી વખતે તેમણે ભારતના વખાણ કરતા કહ્યુ હતુ કે, ભારત ચંદ્ર પર પહોંચી ગયુ છે અને પાકિસ્તાન હજી જમીન પરથી ઉઠી શક્યુ નથી. પાકિસ્તાનમાં બદલાવની જરૂર છે. મંગળવારે પણ શરીફે કહ્યુ હતુ કે, પાકિસ્તાનની આજે જે પ્રકારની હાલત છે તે માટે ભારતને દોષ આપવાની જરૂર નથી. પાકિસ્તાનના શાસકોએ પોતે જ પોતાના પગ પર કુહાડી મારી છે. નવાઝ શરીફ આ વખતે પાકિસ્તાનની ચૂંટણી લડી રહ્યા છે. તેઓ પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતની બેઠક પરથી ચૂંટણી લડવાના છે. શરીફે પોતાની પાર્ટી માટે પાકિસ્તાનમાં જોશભેર ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે.

તંત્રી લેખ...

## કોરોનાના કેસોમાં કોઈ પ્રકારની લાપરવાહી ફરીથી એક મોટી કિંમત વસૂલી શકે છે

કેરળમાં કોવિડ-૧૯ના નવા વેરિયન્ટ જેએન૧નો પહેલો કેસ નોંધાયા બાદ કેન્દ્ર સરકારે રાજ્યોને જે એડવાઈઝરી જારી કરી છે, તેને પૂરતી ગંભીરતાથી લેવાની જરૂર છે. રાજ્યોને પણ કહેવામાં આવ્યું છે કે તેઓ કોવિડ સંબંધી આરટીપીસીઆર ટેસ્ટ વધારે. સંતોષની વાત છે કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ તમામ રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓની એક બેઠક બોલાવી છે, જેથી કોરોના અને શ્વાસ સંબંધી અન્ય રોગો પર વ્યાપક વિચાર કરી શકાય. કોરોનાના કેસોમાં કોઈ પ્રકારની લાપરવાહી ફરીથી એક મોટી કિંમત વસૂલી શકે છે, તેથી રાજ્યોએ કેન્દ્ર સાથે બહેતરતાલમેલ બેસાડતાં તમામ સતર્કતાનાં પગલાં ભરવાં પડશે. કેરળ સાથે જોડાયેલ કર્ણાટકમાં રાજ્ય સરકારે સાઈઠ વર્ષથી વધુ ઉંમરના પોતાના નાગરિકોને કોઈપણ ગંભીર રોગના શિકાર લોકોને સલાહ આપી છે કે બહાર નીકળતી વખતે માસ્કનો ઉપયોગ કરો. આ મામલે તત્પરતા કેટલી જરૂરી છે એ વાત માત્ર બે તથ્યોથી ઉજાગર થાય છે - કેરળમાં માત્ર આ મહિને જ કોરોનાથી ૧૯ લોકોનાં મોત થઈ ગયાં છે, જ્યારે મહારાષ્ટ્રમાં કેટલાય મહિના બાદ પહેલી વાર એક દિવસમાં કોવિડ સંક્રમિતોની સંખ્યા બેવડા અંકમાં પહોંચી ગઈ છે. જેએન૧ વેરિયન્ટના કેસો ચીન, અમેરિકા અને સિંગાપોર વગેરે કેટલાય દેશોમાં પણ મળ્યા છે, તેથી તેના વૈશ્વિક પ્રસારની આશંકા અસ્થાને નથી. રાહતની વાત એ છે કે કેરળની જે બુઝુર્ગ મહિલામાં આ વેરિયંટની ખબર પડી હતી તે કોવિડથી સાજી થઈ ગઈ છે અને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને પણ કહ્યું છે કે અત્યાર સુધી એ વાતના કોઈ પ્રમાણ નથી મળ્યા કે આ નવો વેરિયંટ સાર્વજનિક સ્વાસ્થ્ય માટે મોટું જોખમ પેદા કરે છે. છતાં આપણે પૂરતી સાવધાની રાખતાં આગળ વધવું જોઈએ. કોરોનાની બીજી લહેર બાદ સ્વાસ્થ્ય ક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ છે. હોસ્પિટલો અને અન્ય માળખાગત સુવિધાઓના વિકાસ પર ભાર મૂકાયો છે. પરંતુ એ તથ્યને નજરઅંદાજ ન કરી શકાય કે તમામ તૈયારીઓને પંગુ સાબિત કરે તેટલી આબાદી આપણી પાસે છે. યાદ કરો, ભારતમાં કોવિડ-૧૯નો પહેલો કેસ કેરળમાં અને શિયાળામાં જ આવ્યો હતો. તેથી મોસમને નજરઅંદાજ ન કરી શકાય. પછી આ દિવસોમાં જે પ્રકારની મોસમી અનિયમિતતા જોવા મળી રહી છે, તે અનેક બીમારીઓનું મૂળ છે. તમિલનાડુમાં છેલ્લા કેટલાય દિવસોથી જબરદસ્ત વરસાદ થઈ રહ્યો છે. રાહત અને બચાવ માટે સેનાને બોલાવવી પડી છે. એવામાં કોવિડના કેસોમાં વૃદ્ધિ શાસન-પ્રશાસન આગળ કેટલો મુશ્કેલ પડકાર ઊભો કરશે, તેની કલ્પના પણ ન કરી શકાય. મહામારી બાદ હૃદયાઘાતની ઘટનાઓ દુનિયાભરમાં વધી છે અને ખાસ કરીને યુવા આબાદીમાં તેની વધતી સંખ્યા ચિંતાજનક છે. ભારતીય આયુર્વિજ્ઞાન સંશોધન પરિષદના એક અધ્યયન બાદ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ સલાહ આપી હતી કે જે કોવિડ-૧૯ના ગંભીર શિકાર રહ્યા છે, તેમણે થોડા સમય સુધી વધુ શારીરિક શ્રમ, જહેમતથી બચવું જોઈએ. તેથી કોવિડ સંક્રમણ સાથે જોડાયેલી કોઈપણ માહિતી અને સલાહને પૂરતી ગંભીરતાથી અનુસરવી જોઈએ.

## ૨૦૦૮ની તુલનામાં ૨૦૨૦માં એન્ટીબાયોટિક મિશ્રણના વેચાણમાં વધારો

'જર્નલ ઓફ ફાર્માસ્યુટિકલ પોલિસી એન્ડ પ્રેક્ટિસ'માં છપાયેલા એક શોધપત્રમાં એન્ટીબાયોટિક દવાઓના 'નિશ્ચિત ડોઝ સંમિશ્રણ'ના મનમાફક કારોબાર અને તેના દુષ્પ્રભાવ પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ શોધ પત્રમાં ભારતીય જનમાનસના સ્વાસ્થ્યની સંભાળ માટે સચેત પણ કરવામાં આવ્યા છે. એક દર્દીને અપાતી કેટલીય દવાઓને ભેળવીને એક મિશ્રિત દવા તૈયાર કરવાનો વિચાર એટલા માટે સ્વીકૃત કરવામાં આવ્યો હતો કે તેનાથી ડોઝ લેવામાં દર્દીને સગવડ રહેશે, પરંતુ દવા કંપનીઓની મનમાનીથી આવાં મિશ્રણોમાં મનમાફક વધારો કરવામાં આવ્યો અને નિયંત્રણ સંસ્થાઓની કમજોરીનો ફાયદો ઉઠાવતાં મંજૂરી વિના પણ મિશ્રણોને બજારમાં મૂકી દીધાં. આ શોધ પત્રને દુનિયાના ખ્યાતનામ ડોકટરોએ તૈયાર કર્યું છે. ૨૦૦૮માં દવાઓના એન્ટીબાયોટિક 'નિશ્ચિત ડોઝ મિક્સ' બનાવનારી ૬૮ દવાઓનું લાયસન્સ જારી અને ૪૭ દવાઓને પ્રતિબંધિત કરવામાં આવી હતી, પરંતુ દવા ઉત્પાદક કંપનીઓએ ૨૦૨૦ સુધી એન્ટીબાયોટિક મિશ્ર ડોઝની ૬૦.૫ ટકા એવી દવાઓ બજારમાં ઉતારી દીધી, જેની મંજૂરી નથી લેવામાં આવી. એટલું જ નહીં, ૯.૯ ટકા એવા એન્ટીબાયોટિક ડોઝ મિશ્રણ વેચાવા લાગ્યા, જે પ્રતિબંધિત હતા. આ પ્રકારે ૨૦૨૦માં બજારમાં ઉતારવામાં આવેલા ૧૫.૯ ટકા એન્ટીબાયોટિક ડોઝ મિશ્રણ મંજૂરી વિનાના હતા. શોધમાં એ વાત પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે ખોટી એન્ટીબાયોટિક કે તેની સાથે અન્ય દવાઓના મિશ્રણના ઉપયોગથી માનવ શરીરની પ્રતિરોધક ક્ષમતા પ્રભાવિત થાય છે અને ત્યારે બીજી દવાઓ પણ કામ નથી કરતી. ભારતમાં અનુમોદિત એક તૃતિયાંશ એન્ટીબાયોટિક ડોઝ મિશ્રણને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા અનુમોદિત નથી કરવામાં આવ્યા. દવા કંપનીઓની મનમાની ત્યાં સુધી રહી છે કે ૨૦૧૮ અને ૨૦૧૯માં જે ૩૯ મિશ્રણોને પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા, તે પણ ૨૦૨૦માં બજારમાં ચાલુ રહી. ત્યાં સુધી કે ૨૦૧૯માં જે મિશ્રણો સૌથી વધુ વેચવામાં આવ્યા, તેમને વેચવાની અનુમતિ ડબ્લ્યુએચઓ દ્વારા નહોતી આપવામાં આવી! આ જ પ્રકારે ૨૦૨૦માં સૌથી વધુ વેચાનાર ૨૦ મિશ્રણોમાંથી ૧૩ની અનુમતિ પણ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા નહોતી અપાઈ. આ જ કારણ છે કે ૨૦૦૮ની તુલનામાં ૨૦૨૦માં એન્ટીબાયોટિક મિશ્રણના વેચાણમાં વધારો થતો ગયો. હાલનાં વર્ષોમાં ભારતીય દવા કંપનીઓએ વિશ્વ બજારમાં દેશની છબિને નુક્સાન પહોંચાડ્યું છે. ૨૦૧૮માં હિમાચલની દવા કંપનીઓ દ્વારા ઉત્પાદિત હલકી દવાઓની તપાસ કરવામાં આવી હતી અને ૧૩ કંપનીઓ દ્વારા ગેસ્ટ્રિક, હાઈપરટેન્શન, દર્દશામક, ડાયાબિટીઝ, આયર્ન, કિડની ટ્રાન્સપ્લાન્ટ, મલ્ટી વિટામિન અને કોલેસ્ટ્રોલ ઓછું કરનારી દવાઓ હલકી જણાતાં કેન્દ્રીય ઔષધિ માનક નિયંત્રણ સંગઠને કાર્યવાહી કરી હતી. ૨૦૨૦માં આ સંગઠનની તપાસમાં દેશના અલગ-અલગ રાજ્યોમાં બનેલી ૪૬ પ્રકારની દવાઓ માપદંડો પર ખરી ઉતરી શકી નહોતી. હિમાચલના આઠ દવા ઉત્પાદકો દ્વારા નિર્મિત ૧૩ પ્રકારની દવાઓ માપદંડો પર ખરી ન ઉતરી શકી. તે ઉપરાંત ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, ગુજરાત, બિહાર, સિક્કિમ, મહારાષ્ટ્ર, હરિયાણા, પશ્ચિમ બંગાળ, દિલ્હી, કોલકાતા, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના દવા ઉદ્યોગોમાં નિર્મિત ૪૧ દવાઓ પણ તપાસમાં ઉતરતી કક્ષાની જોવા મળી હતી. ઓક્ટોબર, ૨૦૨૨માં પશ્ચિમી આફ્રિકી દેશ ગાંબિયામાં ૬૬ બાળકોનાં મોતનું કારણ એક ભારતીય કફ સિરપ બન્યું, જેને હરિયાણાના સોનીપત સ્થિત એક કંપનીએ બનાવ્યું હતું. તેને કારણે દેશની છબિ ખરાબ થઈ હતી.

# પ્રારબ્ધ એટલે પ્રકૃતિ અને પરમેશ્વરની સન્મુખ થવા માટેની સુવિધા ઊભી થવી એવો અર્થ કરવો જોઈએ



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં હમણાંથી શારીરિક શ્રમ જરા વધી ગયો હોવાથી, ગઈ કાલે થોડો થાકનો અનુભવ થતો હતો, અને વિચારતી હતી કે આવું આખરે શું કામ થઈ રહ્યું છે!! શું આ પ્રારબ્ધ પરમેશ્વર કે પછી પરમહંસ માંથી કોઈ એકની મરજી છે? કે પછી સૌ એક જ છે ? થોડું સુક્ષ્મ છે. પ્રારબ્ધ એટલે, સકલ અસ્તિત્વ રુપ આ પ્રકૃતિના નીતિ નિયમ મુજબ જીવાયું છે કે, નથી જીવાયું! એ મુજબ અસ્તિત્વ આપણું પ્રારબ્ધને લખે છે.પરમેશ્વર એટલે ઈશ્વર સમગ્ર અસ્તિત્વની જેના હાથમાં દોર છે તે, પરંતુ તે નિષ્પક્ષ અને નિર્દોષ છે, એટલે પ્રકૃતિના કાર્યમાં મોટેભાગે વિક્ષેપ કરતા નથી, અને પરમ હંસ એટલે સદગુરુ, જે સાધક શિષ્યના ઉજ્જવળ ભવિષ્ય માટે પણ ક્યારેક ક્યારેક કોઈ કઠીન પરીક્ષાઓમાંથી એને પસાર કરે છે, અને પરમહંસની મરજી પાસે પરમેશ્વર અને પ્રકૃતિ પણ મૌન રહે છે. એટલે કે ક્યારેક-ક્યારેક ભવભવના બંધનો છોડાવવા માટેની કોઈ પરીક્ષા પણ હોઈ શકે. ખેર જીવે તો પોતાની રીતે આશ્વાસન લઇ લીધું કે, જેના ખભા મજબુત હોય તેના માથે જ આ ત્રણ ભાર નાખે છે. પરંતુ આખરે આ નસીબ કે પ્રારબ્ધ એ શું છે? કે સદીઓથી માનવી આ ઉલઝનમાં ઉલજતો જોવા મળે છે. ક્યારેક ક્યારેક એ કર્મને નામે ડરતો જોવા મળે છે, તો ક્યારેક ક્યારેક પ્રારબ્ધને કારણે ઉન્મુક્ત થઈ ને ફરતો પણ જોવા મળે છે. સમાજમાં ઘણી બધી માનસિકતાવાળા લોકો વસતા હોય છે, અને એમાંના ઘણા લોકો પ્રારબ્ધવાદી હોય છે. એટલે કે નસીબને રોનારા હોય, જ્યારે ઘણા પુરુષાર્થથી પ્રારબ્ધને બદલી શકવાની ક્ષમતા વાળા પણ હોય છે. પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે માનવીને પ્રાથમિક જરૂરિયાત રૂપે થોડા ઘણા વસ્તુ પદાર્થની જરૂર પડે છે, અને એ આસાનીથી મળી જાય તેને આપણે ઉજળું પ્રારબ્ધ કહેતા હોઈએ છીએ, અને આસાનીથી ન મળે તેને નસીબ ફૂટલાં કહેતા હોઈએ છીએ. પરંતુ ભૌતિક પદાર્થો હોવા એ પ્રારબ્ધ નથી. તો પછી પ્રારબ્ધ એટલે શું? પ્રારબ્ધ એટલે મૃત્યુ પહેલા પરમેશ્વરને ઓળખી લેવો, અને તેની ઉદારતાને કારણે આપણું અસ્તિત્વ ટકી રહ્યું છે, એની અનુભૂતિ કરવી, અને આ કાર્ય પાર પાડવા માટે થઈને સમયની આવી કસોટીઓ રૂપે કંઈક મોડ આવે છે. એટલે કે આમ જુઓ તો મોકો મળે છે, પરંતુ આપણે તેનો અર્થ જુદો કરી, અને એ તક ગુમાવી બેસીએ છીએ. જ્યારે સૌથી વધુ ધીરજની જરૂર હોય, ત્યારે આપણે અધીરા થઇ અને અત્યાર સુધી કમાયેલી આ પ્રકારની પુંજી વેડફી નાખતા હોઈએ છીએ.તો આ વાતનો સંદર્ભ લઈને આજે આપણે તરાને કી તર્જ જીવન કા અર્ક માં આગળ ચિંતન કરીશું.

હાથો કી ચંદ લકીરો કાં,(૨)
સબ ખેલ હૈ તકદીરો કા,(૨)
તકદીર હૈ ક્યાં મેં ક્યાં જાનૂં,(૨)
મેં આશિક હું તદબીરો કા,(૨)
લાલા કામ બડે,
ઓ શોક તુઝે તકરીરો કા,(૨)
મેં માલિક અપની કિસ્મત કાં,(૨)
મેં બંદા અપની હિમ્મત કાં,(૨)

૧૯૮૨ માં બનેલી વિધાતા ફિલ્મનું આ ગીત છે, ફિલ્મમાં દિલીપકુમાર, શમ્મી કપૂર, સંજીવ કુમાર, સંજય દત્ત, પદ્મિની કોલ્હાપુરે, એ અભિનય આપ્યો હતો, અને આ ગીતના ગાયક સુરેશ વાડકર છે, અને શબ્દો છે આનંદ બક્ષી સાહેબનાં. ફિલ્મનું સંગીત આનંદજી વીરજી શાહ, અને કલ્યાણજી વીરજી શાહ નું છે. ફિલ્મની વાતમાં આપણે જવું નથી, આપણે ફક્ત ગીતના બોલને પકડીએ તો શું હાથોની ચંદ લકીરો પર જ આપણું જીવન ઘડાય છે, કે કંઈક બીજું પણ પ્રબળ પરિબળ છે ખરું? જવાબ છે હા, માનવીનું ધ્યેય કે માનવીનું લક્ષ્ય એ એક બીજું પ્રબળ પરિબળ છે. સમાજમાં એવા તો કેટલાય દાખલાઓ છે, કે જે જન્મથી આર્થિક રીતે તો સદ્ધર નથી, શારીરિક રીતે પણ સક્ષમ નથી, છતાં તેમણે બહુ મોટી મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે, એ બતાવે છે કે આપણું લક્ષ્યને, તેની શુદ્ધતા એ જીવનના તમામ રંગો બદલી શકે છે. લક્ષ અથવા ધ્યેય અન્યને હાનિ પહોંચાડે તેવું ન હોવું જોઈએ. એટલે કે આજકાલ વૈજ્ઞાનિક રીતે સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે ન જાણે કેટલા બધા જીવ સાથે ચેડા કરવામાં આવે છે, જે લક્ષ્યની શુદ્ધતા નથી. સમગ્ર માનવજાતના વિકાસ માટે આ એક બહુ યાદ રાખવા જેવી વાત છે, કે વિશ્વમાં માનવ જાતિના સ્વાસ્થ્ય માટે કરાતી શોધ, માનવીને સંવેદનહીન બનાવતી જાય છે, એ એક સૌથી મોટો પડકાર છે, અને એને કારણે પ્રકૃતિ અસંતુલિત થઇ રહી છે, અને આપણે સૌ જાણે અજાણે આ કર્મ જાળના બંધનમાં બંધાઈ રહ્યા છીએ. આપણી સંસ્કૃતિ અને એમાં પણ ખાસ કરીને ગુજરાતી સંસ્કૃતિમાં બાળકના જન્મ પછી છઠ્ઠી માંડવાનો રિવાજ છે, અને છઠ્ઠી એ વિધાતા બાળકના લેખ લખે છે, એવી એક માન્યતા પણ છે. હવે બહુ સ્વાભાવિક રીતે જ છ દિવસના બાળકનું કોઈ કર્મ તો હોતું નથી, એટલે જો વિધાતા લેખ લખતી હોય તો, પૂર્વજન્મના કર્મફળ મુજબ આ લેખ હોય, અને તેનો જન્મ થઈ ચૂક્યો છે, એટલે અડધું કર્મફળ તો તેણે મેળવી લીધું છે. એટલે કે તેનો કોના ઘરે જન્મ થયો છે, શ્રીમંત! મધ્યમ! કે શ્રમિક વર્ગ! એ પરથી નક્કી થાય છે. પરંતુ જન્મનાર બાળક શું ફક્ત આ પ્રકારના પ્રારબ્ધ પર જ આધારિત હોય છે? પહેલી વાત તો જીવનમાં સુખ સગવડ અને એશોઆરામ માટે જ જન્મ છે?, કે પછી કંઈક વિશેષ કરવા માટે મનુષ્ય દેહ મળ્યો છે? એ નક્કી કરવું પડે.

પ્રકૃતિ પરમેશ્વર તરફ જીવને સન્મુખ કરનાર પરમ હંસ સાથે ભેટો થવો, એ માનવીનું સૌથી મોટું પ્રારબ્ધ બળ છે. સમયે આ સત્ય સમજાઈ જાય તો માનસિકતા માંથી ધનદોલત વાળા પ્રારબ્ધને એક બાજુ કરી શકાય. પરંતુ એની માટે એક બીજું પરિબળ પણ જવાબદાર છે. એટલે કે માનવીનો જન્મ થયો, જ્યાં જન્મ થયો હોય, એ મુજબ એનો ઉછેર થયો, અને મોટો થતાં, તેણે પોતાના કર્તવ્ય કર્મ અનુસાર પોતાના સંસાર મા જીવવાનું શરૂ કર્યું, પછી આ પરિવારનું પોષણ એ તેની જવાબદારી છે. પરંતુ અસ્તિત્વ તેને અહીં શું કામ જન્મ આપ્યો, અને એણે એની માટે તેણે શું કર્યું?; એટલે કે પ્રકૃતિ કે પરમેશ્વર નો આભાર માનતું કોઈ કર્મ કર્યું? એવો કોઈ પ્રશ્ન થાય તો તે આ સકલ અસ્તિત્વમાં પરમેશ્વરની ખોજ કે તેના અનુસંધાનમાં માટેની જીજ્ઞાસા ઉદભવે છે, અને એ બહુ જરૂરી છે. જાણકારીને નામે આપણે મગજમાં એટલું બધું ભર્યું છે કે, આવી કોઈ જીજ્ઞાસા કોઈ વાર થઈ હોય તો, પણ એને આપણે અત્યારે નહીં, ફરી કોઈ વાર એમ પણ વિચાર્યું હશે. સન્યાસ લીધા વગર સંસારને એક બાજુએ રાખી, અને આવું વિચારવાનો હવે સમય આવી ગયો છે. એટલે કે સંબંધો છોડવાના નથી, પરંતુ એ બધું એના સમયે અને અત્યારે કે પછી દિવસમાં એક કલાક માટે આવું પણ કંઇક વિચારવું જરૂરી છે. પરંતુ આપણા અજ્ઞાનને કારણે બેંકોમાં અને કબાટોમાં રૂપિયા-પૈસાની થપ્પીઓ ગોઠવાતી હોય તે જ નસીબદાર છે, એવી એક ભ્રામકતા છે, એને કારણે આપણે આ માનવ જન્મનું મૂલ્ય કરી શકતા નથી. કવિએ પોતાનાં ગીતમાં આગળ લખ્યું છે, કે આ હાથોની ચંદ લકીરો ને હું બદલી શકું એમ છું, મારી કિસ્મતનો હું માલિક છું,કારણ કે હું હિમ્મત ધરાવું છું, એટલે કે માનવજીવન માટેની જરૂરિયાતો તો હું પુરુષાર્થથી મેળવી લઈશ, અને એની માટે યુક્તિ-પ્રયુક્તિ ઉપાય બધું જ હું કરી શકીશ, તકરીર એટલે કે ભાષણબાજી પણ મને સારી આવડે છે, એટલે સમાજને પ્રભાવિત પણ હું કરી લઈશ, પણ આ બધા કંઈ લકીરો ના ખેલ નથી, કારણકે પ્રારબ્ધ શું છે એ હું શું જાણું? કવિને કદાચ પ્રારબ્ધ શું છે? એની જાણ નથી, પરંતુ આપણને તો હવે પ્રારબ્ધ શું છે! એની જાણ સદગુરુ કૃપા એ થઈ ગઈ છે. કે જીવન જરૂરિયાતની સાધન સંપન્નતા કે એશોઆરામ માત્ર, એટલું જ પ્રારબ્ધમાં આવતું નથી. પ્રારબ્ધ એટલે પ્રકૃતિ અને પરમેશ્વર તરફ સન્મુખ થવા માટેની સુવિધા ઊભી થવી એ છે. કોઈ પરમ હંસ સ્વરૂપ સદગુરૂનો જીવનમાં સત્સંગ થાય, તેનું નિત્ય સાનિધ્ય પ્રાપ્ત થાય, અને ઓછામાં ઓછી મહેનતે, આ સત્ય સમજાય. એટલે કે સંસારમાં રહીને જ આપણે ઈશ્વરને જાણી શકીએ, જોઈ શકીએ, અને માણી શકીએ, તો આપણે નસીબદાર છીએ એવું કહી શકાય. આપણે સૌ પ્રારબ્ધ ના નવા અર્થ સાથે, પરમેશ્વર અને પ્રકૃતિની સન્મુખ થઈએ, અને તેને અનુભવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના, ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# ગીતામાત્ર યુધ્ધનું ગીત નથી, પણ જીવનનું સંગીત છે, પ્રકૃતિનો સાર પરમેશ્વર છે, તેમ ધર્મનો સાર ગીતા છે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિ યોગનો ત્રિવેણી સંગમ છે




વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા

ભારતીય સંસ્કૃતિનું નિર્માણ કંઈક અનોખી રીતે જ થયું છે.આમ જોઈએ તો દરેક દેશની અને સંસ્કૃતિ માનવને સુસંસ્કારીત બનાવવા માટે જ નિર્માણ થઈ હોય છે. આજે આપણે ગીતા જયંતિએ કંઈક વિશેષ વાત કરીએ.

સર્વ ધર્મગ્રંથ,વેદ-ઉપનિષદનો સાર એટલે ગીતા.પ્રકૃતિનો સાર પરમેશ્વર છે, તેમ ધર્મનો સાર ગીતા છે સમયની પણ સીમા હોઈ શકે, પરંતુ ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા ઉચ્ચારાયેલી ગીતાની સુવાસ તો ચારેય દિશામાં,અનંતકાળ સુધી ફેલાતી રહેશે. શ્રીકૃષ્ણની કૃપા પણ શાશ્વત છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા છે, દિવ્ય ચિંતનનો સ્ત્રોત્ર તો ગીતા જીવન દેવાનું.સંજીવની દેવાનું કાર્ય પણ કરે છે.મંગલકારી ગીતાઅમૃત સમાન છે,જીવનનો બધો સાર સમાયેલો છે. બધા પ્રકારની પીડા માં થી છૂટવા અને પુણ્યની પ્રાપ્તિ કરવા ગીતાના પાઠોનું મહત્વ અનેરૂં છે.

દ્વાપર યુગમાં ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનને શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપદેશ આપ્યો હતો. તેથી આ દિવસને ગીતા જયંતી તરીકે મનાવામાં આવે છે. માન્યતા એવી છે કે ભગવદ ગીતાનો જન્મ શ્રી કૃષ્ણના મુખેથી કુરુક્ષેત્રનાં મેદાન માં થયો હતો. કળિયુગની શરૂઆત ના ત્રીસ વર્ષ પહેલાં, શ્રી કૃષ્ણએ કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને જે ઉપદેશ આપ્યો હતો તે શ્રીમદ્ ભગવદ ગીતા તરીકે પ્રખ્યાત છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના અઢાર અધ્યાયમાંથી પ્રથમ છ અધ્યાયોમાં કર્મયોગ,પછીના છ અધ્યાયમાં જ્ઞાનયોગ અને છેલ્લા છ અધ્યાય માં ભક્તિ યોગના ઉપદેશ છે.ગીતા જયંતીના દિવસે મોક્ષદા એકાદશી પણ છે.માન્યતા એવી છે કે એકા દશી રાખવાથી મનુષ્યના મૃત પૂર્વજો માટે સ્વર્ગનાં દરવાજા ખુલે છે. કહેવામાં આવે છે તાપ આવે કે જે 'પણ વ્યકિત મોક્ષ પમવાની ઈચ્છા રાખે છે તેને આ એકાદશી પર વ્રત રાખવું જોઈએ ગીતા જયંતી કયારે હોય છે? હિન્દુ પંચાગના અનુસાર માગશર સુદ એકાદશી પર ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવે છે. આ વખતે ગીતા જયંતી આવતી કાલે ૨૩મી ડિસેમ્બર-૨૦૨૩ને શનિવારે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો જન્મ દિવસ ભારતમાં નહી પણ વિદેશો માં પણ ગીતા જયંતી તરીકે ધુમ ધામથી ઉજવામાં આવે છે. ગીતા જયંતી આપણને એ



પાવન ઉપ દેશની યાદ અપાવે છે જે શ્રી કૃષ્ણ એ મોહમાં ફસાયેલા અર્જુનને આપ્યો હતો.ગીતાના ઉપદેશ ખાલી ઉપદેશ નથી પણ આ એક જીવન કેવી રીતે જીવવું તે આપણ ને શીખવે છે. માન્યતા એવી છે કે કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુન તેના વિરોધમાં પરિવારના સભ્યો અને સબંધીઓને જોઈ ભયભીત થઈ ગયો હતા.સાહસ અને વિશ્વાસથી ભરેલા અર્જુન મહાન યુદ્ધની શરૂઆત પૂર્વે રથ પર બેસીને યુદ્ધને મુલતવી રાખે છે. તે શ્રી કૃષ્ણને કહે છે કે 'હું યુદ્ધ નહી કરુ હું પૂજ્ય ગુરુઓ અને સબંધી ઓની હત્યા કરીને રાજ્યની ખુશી નથી ઈચ્છતો,ભીખ ખાયને જીવન ધારણ કરવામાં શ્રેય હું માનું છું.'

આ સાંભળીને સારથી બનેલા ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને તેમના કર્તવ્યો અને કર્મ વિશે જણાવ્યું. તેમને આત્મા-પરમાત્માથી લઈને ધર્મ-કર્મથી જોડાયેલી દરેક શંકાનું નિદાન કર્યું.ભગવાન શ્રી કૃષ્ણ અને અર્જુન વચ્ચે થયેલો સંવાદ શ્રીમદ્ ભગવદ ગીતા છે.આ ઉપદેશ દરમિયાન ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને પોતાનું વિરાટ સ્વરૂપ દેખાડી જીવનની વાસ્તવિકતાથી તેમને સાક્ષાત્કાર કરાવ્યો હતો. ત્યારથી લઈ અત્યાર સુધી ગીતાના ઉપદેશની સાર્થકતા બની છે. શ્રી કૃષ્ણના ઉપદેશ બાદ અર્જુનનો મોહ ભંગ થઈ ગયો અને તેમને ગાંડીવ પહેરીને દુશ્મનોનો નાશ કર્યા પછી ધર્મની ફરી સ્થાપના કરી.જે દિવસે શ્રી કૃષ્ણએ અર્જુનને આ ઉપદેશ આપ્યો ત્યારે માર્ગશીર્ષ શુકલ એકાદશી હતી.આ એકાદશીને મોક્ષદા એકાદશી પણ કહેવામાં આવે છે. મોક્ષદા એકાદશીના દિવસે ગીતા જયંતી ઉજવામાં આવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનું મહત્વ શ્રીમદ્ ભગવદ્ ગીતા હિન્દુઓ માટે પવિત્ર ગ્રંથ છે. આ વિશ્વનો એક એવો ગ્રંથ છે જેની જયંતી મનાવામાં આવે છે. ગીતા મનુષ્યનો પરીચય જીવનની વાસ્તવિકતાથી કરાવી વગર સ્વાર્થએ કર્મ કરવા માટે પ્રેરિત કરે છે. ગીતા અજ્ઞાન, દુઃખ, મોહ, ક્રોધ, કામ અને લોભ જેવી સાંસારીક વસ્તુઓ માંથી મુકિતનો માર્ગ બતાવે છે. તેના અભ્યાસ, શ્રવણ,ચિંતન દ્વારા જીવનમાં શ્રેષ્ઠતાની ભાવના આવે છે

સામાન્ય જીવનનું વૈતરું કરતા લોકો માટે ગીતા નવો પ્રાણ પુરવાનું કાર્યે કરે છે,એટલે આ ગ્રંથ સામાન્ય નથી. તેને માત્ર પ્રણામ કરવાનું નથી. પણ તેનું પઠન કરી, મનન- ચિંતન કર્યો પછી તેને દૈનિક જીવનનાં વ્યવહારમાં ઉતારવાનું છે. નિરાશામાંથી પ્રસન્નતા તરફ દોરનાર,મરણ ધર્મી માનવને જીવનને અમૃતમય બનાવવાનો બોધ જ્યાંથી મળ્યો છે, તે છે ભગવદ્ગ ગીતા. જેને પ્રાપ્ત કર્યા પછી જે શાશ્વત છે, તે છે પરમ તત્વ પર બ્રહ્મ. તેવા પરમેશ્વરની સતત નજીક જવાનું છે. પ્રમાદી વ્યકિતને કર્મઠતાનો,નિદ્રામાં પોઢેલાને જાગૃત કરવાના, પડેલાને ઉભા કરવાનો ઉપાય ગીતા છે. ગીતા માત્ર યુધ્ધનું ગીત નથી,પણ જીવનનું સંગીત છે, મહાભારતનાં યુધ્ધને ધર્મ યુધ્ધ પણ કહેવાયું છે. ગીતાનાં સાંખ્ય યોગ જાગૃત બનવાનું સૂચન કરે છે.આવી જાગૃતિ જે જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલાવી નાખે છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં જ્ઞાન યોગ, કર્મયોગ અને ભક્તિ યોગની પૂર્ણ ચર્ચા થઈ છે. તેનાં બીજા અધ્યાયમાં સાંખ્યયોગ દ્વારા સ્થિત પ્રજ્ઞાજ્ઞાનીનાં લક્ષણો દર્શાવ્યા છે. તો ત્રીજા અધ્યાયમાં કર્મયોગ અને બારમા અધ્યાયમાં ભક્તિયોગની વિશદ્ચર્ચા થઈ છે.

જેના પ્રમાણે જ્ઞાન સર્વસ્વ છે, પોતાના મૂળ સ્વરૂપને જાણવાનું છે.શરીરની નાશવંતાને ઓળખવાની છે. અવિનાશી આત્માને પારખવાનો છે. દેહાન્તર પ્રાપ્તિ સંસાર જીવનનો ક્રમ છે. પરિવર્તન જીવનનો સ્વભાવ છે. જે આ સમજે છે. તે સંસારનાં સાગરને પાર કરી જાય છે. મોહ, આસક્તિનું બંધન જીવનભર પીડા આપે છે. મોહ રડાવતો હોય છે. તો મમતા બાંધે છે. જીવન તરફની અજ્ઞાનતા જ્ઞાનનાં પ્રકાશથી દુર કરવાની છે. ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે જ્ઞાનનો મહિમા ગ ગાયો ગાયો છે.'નહિ જ્ઞાનેન સદ્ન પવિત્રમ ઈહ વિદ્યતે' અર્થાત્, જ્ઞાન મનુષ્યને જીવવાની દ્રષ્ટિ આપે છે. આ લોકમાં જ્ઞાનથી પવિત્ર એવી કોઈ બાબત નથી. જ્ઞાન શક્તિ છે.

એજ જ્ઞાન વિના અંધકાર છે. આત્મજ્ઞાન દ્વારા જ પરમ શાંતિ મળે છે.ગંગોત્રી માંથી પ્રગટેલી ગંગા નદી બનીને, સમુદ્રને મળી, એકરૂપ થઈ જાય છે,તે જ પ્રમાણે જ્ઞાનમાર્ગ,ભક્તિમાર્ગ,અને કર્મ માર્ગ ત્રણેય પરમાત્મારૂપી મહા સાગરમાં ભળીને એકરૂપ થઈ જતા હોય છે.જીવ-શિવ સ્વરૂપ બની જાય છે.આમ ભગવદ્ ગીતા તો આત્મજ્ઞાનનો મહાકુંભ છે, જેનું મંથન કરવાથી સત્યની અનુભૂતિ તો થાય છે, પણ ભગવદ્ ગીતાનું પઠન અને ઊંડો અભ્યાસ કરવાથી, આજના મુશ્કેલીઓ, સમસ્યાઓમાં અટવાયેલા માનવને જરૂર તે પ્રદ દ્રષ્ટિ આપશે અને પોતાનાં જીવન ને સારી રીતે,સાચી રીતે જીવવાની કળા શીખવી જશે. પૃથ્વીલોક પર આજે અત્યાચાર વધ્યો છે ત્યારે હે પરમ કૃપાળુ પરમાત્મા હવે પૃથ્વીલોક ના પાપાચારનો નાશ વચન આપ્યા મુજબ કરો. ધર્મના નામે અધમંતા વધી છે.

યદાયદા હી ધર્મસ્ય ગ્લાનિ ભવતિ ભારત ? અભ અભ્યુત્થાનમ અધર્મસ્ય તદા આત્માનં સૃજામિ અહમ ? પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ ?ધર્મ સંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે ?

અર્થાત્ - જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મનો ફેલાવો થાય છે. ત્યારે હું સ્વયં જન્મ ધારણ કરું છું. સજ્જનોની રક્ષા, દુષ્ટોના વિનાશ અને ધર્મની પુનઃસ્થાપના માટે હું દરેક યુગમાં અવતરિત થતો રહું છું. જ્યારે પૃથ્વી પર અધર્મનું સામ્રાજ્ય છવાઈ જાય છે. ધર્મનો ક્ષય થાય છે ત્યારે ધર્મની પુનઃ સ્થાપના કરવા, ભગવાન શ્રી કૃષ્ણ સ્વયં પૃથ્વી પર અવતાર ધારણ કરે છે.

વાચક ચાહક મિત્રો,આપણે ભગવદ્ ગીતા જ્ઞાનનો આનંદ માણી રહયા છીએ ત્યારે આવતી કાલે માગશર સુદ અગિયારસ એટલે ગીતા જયંતિ નિમિત્તે થોડું એ વિશે જાણવા પ્રયત્ન કર્યો છે.જે ગમશે તેવી આશા ગીતા જયંતિની શુભેચ્છા સહ અસ્તુ.

## બોમ્બ બ્લાસ્ટની જેમ સાયબર બ્લાસ્ટ સામે દરેકે સતર્ક રહેવું જોઈશે




છેલ્લા અમુક સમયથી સાયબર ક્રાઈમના કિસ્સા એકધારા વધી રહ્યા છે, જેનો ભોગ હાલ વ્યક્તિથી લઈ બેંકો-નાણાં સંસ્થાઓ, નાની -મોટી કંપનીઓ સતત બની રહી છે. આ મામલે માત્ર સરકારી યંત્રણા પૂર્ણપણે સફળ થઈ શકશે નહીં, અગાઉ થતા બોમ્બ બ્લાસ્ટની જેમ હવે સંભવિત સાયબર બ્લાસ્ટ સામે સતત સતેજ-સક્રિય-સજાગ-સતર્ક રહેવું જોઈશે. હાલમાં અખબારોમાં સૌથી વધુ ચમકતા યા આંચકા આપતા સમાચારો શું છે? હા ભાઈ, શેરબજારની તેજીના તો છે જ, હા ભાઈ હા, રાજકીય ચૂંટણીઓનાં પરિણામોની અને આવનારી સામાન્ય ચૂંટણીના પણ છે, કિંતુ આ બધાં વચ્ચે સૌથી ખતરનાક અને ગંભીર કહી શકાય એવા સતત પ્રકાશમાં આવી રહેલા સમાચાર સાયબર ક્રાઈમ અંગેના છે. રોજેરોજ દેશમાં અનેક સ્તરે, અનેક લોકો તેમ જ સંસ્થાઓ સાથે સાયબર ક્રાઈમ- છેતરપિંડી ચાલી રહ્યા છે. આમ તો આપણે હજી તાજેતરમાં જ આ વિષયમાં ચોકકસ ચર્ચા કરી હતી, પરંતુ આ વિષયની ગંભીરતાને ધ્યાનમાં રાખતા આ ચર્ચા લોકોને સતત જાગ્રત કરવા માટે અનિવાર્ય છે. આ સાથે સરકાર અને સરકારી તંત્રો કે પ્રાઈવેટ એજન્સીઓ પણ આ મામલે શું કરી રહ્યા છે તે જાણવું જોઈએ. તાજેતરમાં સોશ્યલ મીડિયા પર એક વીડિયો જોવામાં આવ્યો હતો, એક દંપતી બગીચામાં મોબાઈલ પર ફોટા પાડતું હોય છે, પતિ તેની પત્નીના ફોટા કલિક કરતો હોય છે, ત્યાં ગરીબ દેખાતું બીજું એક દંપતી પોતાના બાળકને લઈને આવે છે અને પેલાં ફોટા પાડી રહેલાં માણસને તેનો ફોન આપવા વિનંતી કરે છે, કહે છે, મારા ફોનની બેટરી ખલાસ થઈ ગઈ છે અને મારે ગામમાં પિતાને ફોન કરીને માત્ર મેસેજ આપવો છે કે અમે શહેર બરાબર પહોંચી ગયા છીએ. પેલા ભાઈ ફોન આપતા ખચકાય છે, તેથી તેની પત્ની કહે છે, આપી દો ને બે મિનિટનું તો કામ છે, જુઓને બિચારા કેટલાં સીધાસાદા છે, આમ પેલા ભાઈ અજાણ્યા શખ્સને પોતાનો ફોન આપે છે, પેલી અજાણી વ્યકિત જાણે પોતાના પિતા સાથે વાત કરતો કહે છે, પિતાજી હમ પહુંચ ગયે હૈ, આપ ચિંતા મત કરના, આ વાતમાં સમય વિશે વાત થાય છે, કેટલાં વાગ્યે પહોંચ્યા, કેમ મોડું થયું, વગેરે સંવાદમાં ચોકકસ આંકડા બોલાય છે, જેમ કે ૧૨.૩૫ પહોંચ્યા ૩૫ મિનિટ મોડું થયું વગેરે. સામે-સામે જ આટલી વાત કરી પેલું અજાણ્યું દંપતી ત્યાંથી આભાર માની ચાલ્યું જાય છે અને થોડી જ મિનિટમાં પેલા ભાઈના ફોન પર મેસેજ આવે છે, તેના બેંક એકાઉન્ટમાંથી મોટી રકમ ઊપડી ગઈ હોય છે. આ સમયના આંકડા એ ઓટીપીના ફિગર હતા. આ વીડિયોમાં છેલ્લે એવો મેસેજ અપાયો હતો કે દયા ખાઈને પણ કોઈ અજાણી વ્યકિતને તમારો મોબાઈલ આપવો નહીં.

# NASAએ સ્પેસ સેન્ટરમાં હાથ ધરાયેલા અનોખા વિજ્ઞાન પ્રયોગોનો રસપ્રદ વિડીયો શેર કર્યો

૨૦૨૩ના વર્ષ દરમિયાન NASAએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન(ISS)માં રેહલા અવકાશયાત્રીઓ દ્વારા કરવામાં આવેલા વિવિધ પ્રયોગો અંગે સોશિયલ મીડિયા પોસ્ટ્સ દ્વારા લોકોને અચંબિત કર્યા હતા. હવે વર્ષ સમાપ્ત થવા આવ્યું છે ત્યારે નાસાએ YouTube પર ISSમાં થયેલા પ્રયોગોનો કમ્પાઈલ્ડ વિડિઓ શેર કર્યો છે. વિડીયોમાં ISSની અંદર ખીલેલા ફૂલો અને શાભાજીથી ભરેલો સુંદર બગીચો, ડાન્સિંગ ફલેમ અને પાણી સાથેને પ્રયોગો જોવા મળે છે. સાથે સાથે વિડીયો એવા પ્રયોગોની ઝલક આપે છે જે ભવિષ્યમાં માનવજાતના અવકાશ સંશોધનના મિશનમાં નિર્ણાયક સાબિત થશે.

આ વિડિયો ધ લિન્ડન બી. જોન્સન સ્પેસ સેન્ટરની અધિકૃત YouTube ચેનલ પરથી પોસ્ટ કરવામાં આવ્યો છે. ધ લિન્ડન બી. જોન્સન સ્પેસ સેન્ટર ટેક્સાસના હ્યુસ્ટનમાં





સ્થિત સમાનવ સ્પેસ ફલાઈટ માટે નાસાનું કેન્દ્ર છે.અવકાશ એજન્સીએ YouTube પર લખ્યું કે. "અવકાશયાત્રી વુડી હોબર્ગ તમને અવકાશમાં હાથ ધરવામાં આવેલા વાસ્તવિક વિજ્ઞાન પ્રયોગોના ફરતા, રંગીન અને મંત્રમુગ્ધ કરી દેનારા સંગ્રહનો પરિચય કરાવશે. ગેટ રેડી ફોર ક્લાસિકલ મ્યુઝીક! છોડ વૃદ્ધિના પ્રયોગો! અવકાશયાત્રી ક્રિસ્ટીના તમને NASAનો બગીચો અવકાશમાં કેવી રીતે વધે છે તે શોધવામાં મદદ કરે છે."

## મનોચિકિત્સકોની ક્લિનિકો શા માટે દર્દીઓથી ઉભરાઈ રહી છે?



એંશીના દાયકાની ખ્યાતનામ અભિનેત્રી પરવિન બાંબીનું મૃત્યુ થયું ત્યારે એનો મૃતદેહ, મુંબઈના એનાં ફલેટમાંથી સડી ગયેલી હાલતમાં મળી આવ્યો હતો. અમિતાભ બચ્ચન- વિનોદ ખન્ના – રાજેશ ખન્ના સાથે સૂપરડૂપર હિટ ફિલ્મો આપનાર પરવીન એની કરિયર દર્મિયાન કબિર બેદી અને ડાયરેક્ટર મહેશ ભટ્ટ સાથે લીવઈન રિલેશનમાં રહી ચૂકી હતી. મહેશ ભટ્ટે એના અંગત જીવન પરથી ફિલ્મ 'અર્થ' બનાવી અને આઘાતમાં સરી પડેલી પરવીન વર્ષો સુધી અજ્ઞાતવાસમાં ચાલી ગઈ. ભારત પાછા ફર્યા પછી એણે અસંબંધ વાતો કરવા માંડી. પોતાની હત્યા કરાવવા માટે અમિતાભ બચ્ચન અણુબોમ્બ ખરીદી રહ્યા હોવાથી માંડીને એણે બીજી જે વાતો કરી એનાથી એની માનસિક હાલત વિશે અંગત વ્યક્તિઓ ચિંતિત થઈ ગઈ. છેવટે નિદાન થયું કે પરવીન બાંબીને સ્કિઝોફેનિયા' નામનો માનસિક રોગ છે, જાણીતા મનોચિકિત્સ ડો. મુકુલ ચોકસી કહે છેઃ સ્કિઝોફેનિયાના દર્દીઓને સતત ભ્રમ-વિભ્રમ થતો રહે છે. એમને જાતભાતના અવાજો સંભળાય છે. એમને એમ લાગે છે કે એને કોઈક જાણીતી કે અજાણી વ્યક્તિ એને હેરાન કરે છે.'

કદાચ પરવીન બાંબીને સ્કિઝોફેનિયાની તકલીફ આનુવંશિક હશે, પરંતુ 'અર્થ' ફિલ્મને કારણે એને લાગેલા માનસિક આઘાતની અસરથી સ્કિઝોફેનિયા વકરી ગયો અને પરવીન બાંબીની જીંદગી બરબાદ થઈ ગઈ.

શરીરમાં ગરબડ થાય એટલે આપણે તરત ડોક્ટરો પાસે દોડીએ છે, પરંતુ છેલ્લા થોડા વર્ષોથી જ માનસિક માંદગીઓને સમજવાની કોશિશ આપણા દેશમાં થઈ રહી છે. માનસિક રોગીઓ ફક્ત ગાંડાની હોસ્પિટલમાં જ નથી હોતા, પરંતુ આપણા સમાજ, મિત્રવતૃળ, કુટુંબમાં પણ એવી વ્યક્તિઓ હોઈ શકે છે જે માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ નથી. અ કિસ્સો સાંભળોપ વડોદરાનો એક યુવાન પ્લમ્બીંગનું કામ કરતો હતો. આ યુવાને કેટલાક દિવસથી કામ બંધ કરી દીધું હતું. એ ખૂબ બોલબોલ કરતો. એક દિવસ એણે બજારમાંથી કેળાં ખરીધ્યાં અને ટ્રેનમાં બેસી ગયો. ટ્રેનમાં અરધા ભાવે કેળા વેચી દીધા. એની પાસે જે કંઈ પૈસા હોય એમાંથી છાપાં-પુસ્તકો ખરીદી લાવે. કારણ વગર ઘરમાં ગાળાગાળી કરે અને જાગૃત અવસ્થામાં હોય ત્યારે સતત બોલબોલ કરે. મનોચિકિત્સકોને બતાવ્યું ત્યારે ખબર પડી કે યુવાનને 'મેનિયા' (ઉન્માદ)ની બિમારી છે.

# હજારો માઈલ દૂરથી ઊડીને આવતા પક્ષીઓનું અનેરું વિશ્વ

ગુજરાત રાજ્ય કુદરતનાં અખૂટ ખજાનાથી ભરપૂર છે. આ વાતથી આપણે સહુ કોઈ વાકેફ છીએ. વિશાળ જંગલો- વિશાળ દરિયાકિનારો-ખુલ્લાં ઘાસનાં મેદાનો- અફાટ રણપ્રદેશ જેવા અલગ અલગ કુદરતી પ્રદેશ અહીં છે, જ્યાં કુદરતી વન્યજીવો મુક્તપણે મહાલતા જોવા મળે છે.

ગુજરાતનાં ઘણાં પ્રદેશ એવા પણ છે, જે આંતરરાષ્ટ્રીય ફલક પર નામના ધરાવે છે, જ્યાં દેશ- વિદેશથી લોકો પ્રકૃતિની ભવ્યતા જોવા ને કેમેરામાં કંડારવા આવે છે.

વડોદરા નજીક આવેલા ડભોઈ પાસે સ્થિત વઢવાણા પક્ષી અભયારણ્ય આવું જ છે. એ આંતરરાષ્ટ્રીય ફલક પર નામના ધરાવતું સ્થળ છે. સદીઓથી આ વિસ્તાર દેશ વિદેશનાં પક્ષીઓમાં માનીતો છે. અહીં દેશ વિદેશનાં પક્ષીઓ શિયાળો વિતાવવા માટે અવારનવાર આવે છે ને શિયાળો પૂરો થતા જ પોતાનાં વતન પરત ફરે છે. ગત



વર્ષે જ ભારત દેશમાંથી ચાર અલગ અલગ સાઈટ્ને રામસર સાઈટ્સમાં સમાવવામાં આવી, જેમાંથી બે સાઈટ ગુજરાતની વઢવાણા પક્ષી અભયારણ્ય અને થોળ પક્ષી અભયારણ્ય છે. રામસરમાં સમાવેશ થનાર સાઈટ ગુજરાતમાં હોય એ ખૂબ જ વિશેષ સિદ્ધિ સમાન ગણી શકાય. રામસર એટલે ઈરાનમાં આવેલું એક વિશાળ કુદરતી સરોવર. ૧૯૭૧માં 'યુનેસ્કો' દ્વારા વિશ્વભરમાં આવેલા કુદરતી સરોવરો કે જે પક્ષીઓ અને અન્ય છીછરાં પાણી પર આધાર રાખનાર જીવસૃષ્ટિ માટે ઈરાનમાં આવેલા આ રામસર સાઈટનાં માપદંડ અનુસાર અમુક ચોક્કસ ધોરણ નક્કી કરવામાં આવ્યા અને એની જાળવણી માટે વિશેષ નિયમો બનાવવામાં આવ્યા, જે 'રામસર સાઈટ' તરીકે ઓળખાય છે. ભારતમાં આવી ૪૨ જેટલી રામસર સાઈટ છે. એની જાળવણી, યુનેસ્કો'ની દેખરેખ હેઠળ જે-તે રાજ્યનાં વન વિભાગ દ્વારા કરવામાં આવે છે.

'માઈગ્રેશન ફલાય વે રૂટ'નો ઉપયોગ કરીને યુરોપિયન અને એશિયન દેશોમાંથી આશરે ૮૦ જેટલાં પક્ષીઓની વિવિધ પ્રજાતિઓ અહીં દર વર્ષે શિયાળો વિતાવવા માટે ઓક્ટોબરથી જ આવી જાય છે. જેમ જેમ શિયાળાની શરૂઆત થતી જાય એમ એમ વઢવાણા વિસ્તાર પક્ષીઓના કલરવથી અને આખું આકાશ કતારબંધ ઉડતા પક્ષીઓની હારમાળાથી સજાઈ જતું જોવા મળે છે.

BOLLYWOOD NEWS FLASH

## પ્રભાસ હજુ હાથ અજમાવવા માટે થિયેટર્સમાં પણ પ્રવેશ્યો નથી અને તેને પોતે જ પોતાની હારની તૈયારી શરૂ કરી દીધી છે

## સાલાર દક્ષિણની પીવીઆર આઈનોક્સ અને મિરાજ મલ્ટીપ્લેક્સ ચેનમાં રિલીઝ કરાશે નહીં





। મુંબઈ, તા.૨૧ ।

શાહરૂખ ખાનની 'ડંકી' અને પ્રભાસની 'સાલાર' વચ્ચે ૨૨ ડિસેમ્બરે સૌથી મોટી ક્લેશ થવાની છે. જ્યારે ઓડિયન્સ રાહ જોઈ રહ્યા છે ત્યારે કિંગ ખાને પણ પોતાની તમામ તૈયારીઓ કરી લીધી છે. થોડા કલાકો પછી શાહરૂખ ખાન 'ડંકી' સાથે પહેલું પગલું ભરશે, પરંતુ પ્રભાસની 'સાલાર'નું શું થશે? પ્રભાસ હજુ હાથ અજમાવવા માટે થિયેટર્સમાં પણ પ્રવેશ્યો નથી અને તેને પોતે જ પોતાની હારની તૈયારી શરૂ કરી દીધી છે. સાલાર કેમ હારશે અને પ્રભાસ પોતે જ આવું કેમ કરશે? મનમાં આશ્ચર્ય તો થતું જ હશે ને? પરંતુ આવું થઈ શકે છે, કારણ કે 'સાલાર'ના મેકર્સે લીધેલો નિર્ણય ફિલ્મ માટે મુશ્કેલી ઉભી કરી શકે છે. શાહરૂખ ખાનની 'ડંકી' અને પ્રભાસની 'સાલાર' નોર્થ બેલ્ટમાં સ્ક્રીન શેરિંગને લઈને પહેલાથી જ અટવાયેલી હતી. મલ્ટીપ્લેક્સના નિર્ણય બાદ પ્રભાસને ઝટકો લાગ્યો જ હશે. પરંતુ હજુ પણ બધા જાણે છે કે તેનું સાઉથ બેલ્ટ પર પકડ છે. પરંતુ રિલીઝના માત્ર ૨ દિવસ પહેલા, 'સલાર'ના મેકર્સે જાહેરાત કરી હતી કે તેઓ તેમની ફિલ્મ દક્ષિણની પીવીઆર આઈનોક્સ અને મિરાજ મલ્ટીપ્લેક્સ ચેનમાં રિલીઝ કરશે નહીં. આ પાછળનું કારણ ભલે ગમે તે હોય, પરંતુ માત્ર પ્રભાસ અને 'સાલારે'ને જ નુકસાન સહન કરવું પડશે. મલ્ટિપ્લેક્સે શું કર્યું, શું ન કર્યું અને શું થશે તે નિર્ણય તો રિલીઝ પછી નક્કી કરવામાં આવશે. પરંતુ આ ઉતાવળ ફિલ્મ માટે ભારે સાબિત ન થવી જોઈએ. ક્લેશ પહેલા જ સંઘર્ષ શરૂ થઈ ગયો છે. તેને પકડી રાખવું ખૂબ મુશ્કેલ બની રહ્યું છે. ફિલ્મ થિયેટરોમાં રિલીઝ થાય તે પહેલાં તેની ટીમ સાથે તે મલ્ટીપ્લેક્સ હોય કે પીવીઆર આઈનોક્સ એક એગ્રીમેન્ટ કરવામાં આવે છે. રિપોર્ટ મુજબ અને 'સાલાર'ની ટીમનું કહેવું છે કે પીવીઆર આઈનોક્સ દ્વારા આપવામાં આવેલ વચનને પાછું ખેંચવામાં આવ્યું છે.

# સૈફનાં પટૌડી પેલેસ પર ભારતનો નહીં બીજો ધ્વજ લહેરાય છે?

। મુંબઈ, તા.૨૧ ।

કરીના કપૂર ખાન અને સૈફ અલી ખાન હાલમાં વેકેશનની મજા માણી રહ્યા છે. અભિનેત્રી કરીના કપૂર ખાને કેટલીક તસવીરો સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી છે. જે ખુબ જ વાયરલ થઈ રહી છે. આ તસવીરોમાં સૈફ અલી ખાન અને કરીના કપૂર પોતાના બંને બાળકો તૈમૂર અને ઝેહની સાથે પટોડી પેલેસ પર વેકેશન ઈન્જોય કરતા જોવા મળી રહ્યા છે. આ તસવીરોમાં પટૌડી પેલેસની ઝલક પણ જોવા મળી રહી છે. હવે લોકોની નજર પટૌડી પેલેસ પર લગાવેલા ઝંડા પર અટકી ગઈ છે. ફિલ્મ 'એનિમલ'નું શૂટિંગ એક્ટર સૈફ અલી ખાનના આલીશાન પટૌડી પેલેસમાં થયું હતું. જેના કારણે તે ઘણી હેડલાઈન્સમાં રહ્યું છે. જોકે આ વખતે આ મહેલ કોઈ અન્ય કારણોસર ચર્ચામાં આવ્યો છે. કરીના કપૂરે શેર કરેલા છેલ્લા ફોટો પર બધાની નજર ટકેલી છે. આ ફોટામાં



પટૌડી પેલેસના ગુંબજ પર એક ધ્વજ લહેરાઈ રહ્યો છે. આ ધ્વજ ભારતનો નથી. આવી સ્થિતિમાં લોકો સોશિયલ મીડિયા પર પૂછી રહ્યા છે કે પટૌડી પેલેસમાં કયો ધ્વજ લહેરાયો છે. ખરેખરમાં મહેલના ગુંબજ પર લહેરાતો આ ધ્વજ પટૌડી રાજ્યનો છે.

## ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થનારી ફિલ્મ મેરી ક્રિસમસનું ટ્રેલર પણ બુધવારે રિલીઝ કરવામાં આવ્યું છે

# કેટરિના કૈફ અને વિજય સેતુપતિનો ડરામણો દેખાવ

। મુંબઈ, તા.૨૧ ।

બોક્સ ઓફિસ પર વર્ષ ૨૦૨૪ની ધમાકેદાર શરૂઆત થવા જઈ રહી છે. કારણ કે પહેલીવાર સાઉથના સુપરસ્ટાર વિજય સેતુપતિ અને બોલિવૂડની જાણીતી અભિનેત્રી કેટરિના કૈફ મોટા પડદા પર સાથે જોવા જઈ રહ્યા છે. હા, કેટરીના અને વિજય ફિલ્મ 'મેરી ક્રિસમસ'માં સાથે જોવા મળશે.

આ ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી દર્શકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા અને હવે માત્ર ૨૩ દિવસ પછી આ ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થનારી ફિલ્મ 'મેરી ક્રિસમસ'નું ટ્રેલર પણ બુધવારે રિલીઝ કરવામાં આવ્યું છે. આ ફિલ્મનું ટ્રેલર જોઈને તમે ચોંકી જશો. કારણ કે, પહેલીવાર કેટરીના કૈફ અને વિજય સેતુપતિ ડરામણાં અવતારમાં જોવા મળે છે.

ફિલ્મ સંપૂર્ણપણે સસ્પેન્સથી ભરેલી છે. ટ્રેલરમાં વિજય અને કેટરિના 'ક્રિસમસ'ના થોડા કલાકો પહેલાં એકબીજાને મળે છે. બંને એકબીજાથી અજાણ રહે છે. ટ્રેલરમાં વિજય-કેટરિના રોમેન્ટિક રીતે વાત કરતા રહે છે, પછી અચાનક કેટલાક દ્રશ્યો દેખાય છે જે તમને ડરાવી શકે છે. સસ્પેન્સની સાથે તે ઘણો રોમાંચ પણ સર્જે છે. ફિલ્મના ટ્રેલરે હવે દર્શકોમાં વધુ ઉત્તેજના પેદા કરી છે. નોંધનીય છે કે, 'મેરી ક્રિસમસ' શ્રીરામ રાઘવન દ્વારા નિર્દેશિત આગામી ભારતીય થ્રિલર ફિલ્મ છે. તમિલ અને





હિન્દીમાં એક સાથે ફિલ્માવવામાં આવેલી આ ફિલ્મમાં કેટરિના કૈફ અને વિજય સેતુપતિ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ રાઘવન, કૈફ અને સંગીતકાર પ્રિતમની તમિલ ડેબ્યૂ તેમજ સેતુપતિની ત્રીજી હિન્દી ફિલ્મને ચિહ્નિત કરે છે. ઘણી વખત રિલીઝ ડેટ બદલ્યા પછી હવે 'મેરી ક્રિસમસ' ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે.

## અનન્યા પાંડેએ હાલમાં જ પોતાના માટે નવું ઘર ખરીદ્યું છે, દિવાળીના અવસર પર અભિનેત્રીએ તેની ઝલક બતાવી હતી

# આલિયા ભટ્ટ સહિતના સ્ટાર્સે ૨૦૨૩માં ખરીદ્યુ પોતાનું નવું ઘર



। મુંબઈ, તા.૨૧ ।

આ વર્ષે ઘણા બોલિવૂડ સ્ટાર્સે પોતાના માટે નવું ઘર ખરીદ્યું છે. આ લિસ્ટમાં આલિયા ભટ્ટથી લઈને અનન્યા પાંડે સુધીના દરેકનો સમાવેશ થાય છે. અભિનેત્રી અનન્યા પાંડેએ હાલમાં જ પોતાના માટે નવું ઘર ખરીદ્યું છે. દિવાળીના અવસર પર અભિનેત્રીએ તેની ઝલક બતાવી હતી. શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાને તેના આલીશાન ઘરને સજાવ્યું છે. નેશનલ એવોર્ડ વિનર આલિયા ભટ્ટે પણ આ વર્ષે મુંબઈના બાંદ્રામાં પોતાના માટે એક ઘર ખરીદ્યું છે. તેમનું ઘર ૨૪૯૭ સ્ક્વેર ફૂટનું છે, જેની કિંમત ૩૭.૮૦ કરોડ રૂપિયા છે. સોનાક્ષી સિંહા આ વર્ષે નવા ઘરની માલિક બની છે. અભિનેત્રીએ મુંબઈના વર્લીમાં ૪૦૦૦ સ્ક્વેર ફૂટનો એપાર્ટમેન્ટ ખરીદ્યો છે, જેની કિંમત ૧૧ કરોડ રૂપિયા છે. કાજોલે મુંબઈના જુહુમાં ૨૪૯૩ સ્ક્વેર ફૂટનો એપાર્ટમેન્ટ ખરીદ્યો છે. આ ઘરની કિંમત ૧૬.૫ કરોડ રૂપિયા છે. કાર્તિક આર્યન પણ આ વર્ષે પોતાનું સપનું પૂરું કર્યું છે અને તેણે મુંબઈના જુહુમાં ૧૫૯૪ સ્ક્વેર ફૂટનો એપાર્ટમેન્ટ લીધો છે. તેમના આલીશાન ઘરની કિંમત ૧૭.૫૦ કરોડ રૂપિયા છે. પ્રીતિ ઝિન્ટાએ પાલી હિલમાં ૧૭.૦૧ કરોડ રૂપિયાનો એપાર્ટમેન્ટ ખરીદ્યો છે. જે ૧૪૭૪ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલો છે. આ લિસ્ટમાં જાહ્નવી કપૂરનું નામ પણ સામેલ છે. અભિનેત્રીએ ૬૪૨૧ સ્ક્વેર ફૂટમાં બનેલું ઘર ખરીદ્યું છે. તેની કિંમત ૬૫ કરોડ રૂપિયા છે.





ભરતભાઈ એ. પંડ્યા દિવડા કોલોની, તા.૨૧

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દિવડા કોલોની ખાતે શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી ના નેતૃત્વ હેઠળ કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓ નો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાના હેતુથી આજરોજ સંકલ્પયાત્રા યોજવામાં આવી હતી જેમાં શ્રી ભગવતસિંહજી બાપુ, શ્રી કે.પી.ડામોર સાહેબ,શ્રી મહેન્દ્રભાઈ દરજી, શ્રી જયદીપસિંહ બાપુ, શ્રી અજયપાલ બાપુ, શ્રી ગુરુજી, શ્રી સુરપાલસિંહ, શ્રી દોષી સાહેબ, શ્રીમતી મંગુબેન તેમજ અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. લાભાર્થીઓને કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર સંચાલન પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી રમેશભાઈ ખાંટ દ્વારા કરવામાં આવ્યું હતુ.

## ૨૨ ડિસેમ્બરની જામનગર-તિરુનેલવેલી એક્સપ્રેસ રદ

। અમદાવાદ, તા.૨૧ ।

દક્ષિણ રેલવેમાં સ્થિત તિરુનેલવેલી સ્ટેશન પર ભારે વરસાદ ના લીધે પાણી ભરાવાને કારણે ૧૮ ડિસેમ્બર ૨૦૨૩ની તિરુનેલવેલી-જામનગર એક્સપ્રેસ રદ કરવામાં આવી હતી. તદનુસાર, પેરીંગ રેકના અભાવને કારણે, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ જામનગરથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૫૭૮ જામનગર-તિરુનેલવેલી એક્સપ્રેસને રદ કરવામાં આવી છે. રેલવે પ્રશાસન મુસાફરોને પડી રહેલી અસુવિધા બદલ ખેદ છે.

## ઝાલોદ તાલુકાના ડુંગરી વિસ્તારમાં બાઇક પર સવાર ઈસમની બાઇક સ્લીપ થઈ જતાં મોત

। ઝાલોદ, તા.૨૧ ।

તારીખ ૧૯-૧૨-૨૦૨૩ મંગળવારના રોજ આસરે બપોરના ત્રણ વાગ્યે અલ્કેશ સુરમલ હઠીલા બજાજ પ્લેટીના જેનો નંબર **GJ-20-BB-1277** પૂરઝડપે ગફલત રીતે હંકારતા મોટરસાઈકલ સ્લીપ ખાઈ જતાં મોટરસાયકલ સવારનું નિપજ્યું હતું. અલ્કેશભાઈ પોતાની બાઈક લઈ લીમડી થી ડુંગરી તરફ જતાં હતાં ત્યારે રસ્તા પાસે ખોડિયાર માતાના મંદિર નજીક તેમની બાઈક સ્લીપ ખાઈ ગઈ હતી.

તાત્કાલિક વધુ સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા દાહોદ ખાતે કે.કે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતા. ઈજા થયેલ યુવકનુ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના પરિવારજનો દ્વારા લીમડી પોલીસ સ્ટેશન ખાતે જાણ કરી ફરિયાદ કરવામાં આવેલ છે.



ભરતભાઈ એ. પંડ્યા દિવડા કોલોની, તા.૨૧

શ્રી નવજીવન વિધાલય દધાલીયા, તા.કડાણા. આજ રોજ શ્રી નવજીવન વિધાલય દધાલીયા શાળામાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહિસાગર લુણાવાડા અને તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ, કડાણાના સંયુક્ત ઉપક્રમે કાનૂની શિક્ષણ શિબિર નુ આયોજન કરાયું જેમાં મુખ્ય વક્તા શ્રી ડૉ એચ. એ. જોષી સાહેબ એ બાળકાયદા , મહિલા સશક્તિકરણ, પોકશો કાયદા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી આ પ્રસંગે શાળા ના આચાર્ય શ્રી કમલેશભાઈ પટેલ સાહેબ તથા સમગ્ર સ્ટાફ પરીવાર તથા શાળા ના બાળકો એ હાજર રહી કાર્યક્રમ ને સફળ બનાવવા માં આવ્યો. આભાર વિધિ શાળા ના મ. શિ. શ્રી રમણભાઈ પટેલ સાહેબ દ્વારા કરવામાં આવી.

### બાઇક સવાર ચોરો ધોળે દિવસે સક્રિય થતાં ગ્રામજનોમાં અનેક ચર્ચાએ જોર પકડયું

## ઝાલોદ નગરમાં બે બાઇક સવાર ઇસમો મહિલાના ગળામાંથી ચેન ખેંચી ફરાર : મોટા ભાગના જાહેર રોડ પરના કેમેરા બંધ હાલતમાં

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૧ ।

તારીખ ૧૯-૧૨-૨૦૨૩ ના રોજ નગરના મીઠાચોક વિસ્તારમાં રહેતા એવા બી.ઓ.બી બેંકના નિવૃત્ત કર્મચારી સીમાબેન કોઠારી પોતાના અંગત કામઅર્થે અંદાજીત બપોરના બે વાગ્યાના સમય દરમ્યાન પોતાના રહેઠાણ વિસ્તારમાંથી જતાં હતાં તે દરમિયાન બે બાઈક પર સવાર ચોરો દ્વારા મહિલાના ગળામાં પહેરેલ ચેન ખેંચી ફરાર થઈ ગયેલ હતા. લૂંટનો ભોગ બનેલ મહિલા કઈ સમજે તે પહેલા લૂંટારા ફરાર થઈ ગયેલ હતા. આજુબાજુ વિસ્તારમાં રહેતા લોકો તાત્કાલિક ઘટના સ્થળે ભેગા થઈ ગયેલ હતા અને ત્યારબાદ સહુ ભેગા થઈ આ ઘટનાની જાણકારી પોલિસ સ્ટેશનમાં આપવા ગયેલ હતા.

પોલિસ સ્ટેશનમાં આવી તાત્કાલિક નગરના લોકો દ્વારા સી.સી.ટી.વી કેમેરા જોવા કહેતા કેમેરા બંધ હાલતમાં જોવા મળેલ હતા. નગરમાં લોકમુખે ચર્ચા મુજબ નગરના સી.સી.ટી.વી કેમેરા કેટલાય સમયથી બંધ હાલતમાં જોવા મળી રહેલ છે આ અંગે નગરના અગ્રણીઓ દ્વારા જવાબદાર અધિકારીઓને વારંવાર મૌખિક રજૂઆત કરવા છતાય કોઈ સાંભળવા તૈયાર ન હોય તેમ લાગી રહ્યું છે. નગરના જાહેર રોડ પરના કેમેરા બંધ હોવાથી ગુન્હાહિત પ્રવૃત્તિ ધરાવનાર બાઈક ચોરોને પકડવા




પોલિસ માટે પણ મોટો પડકાર હોય તેમ લાગી રહ્યું છે. લૂંટ થયેલ વિસ્તારની નજીક જ પોલિસ પોઈન્ટ અને ડી.વાય.એસ.પી ઓફિસ કાર્યરત હોવા છતાય ગુનેગારોને પોલીસનો કોઈ ડર હોય તેમ લાગતું નથી અને બિંદાસ ચોરી કરી નાસી જઈ પોલીસને પડકાર ફેંક્યો હોય તેમ લાગી રહ્યું છે.

લૂંટના ભોગ બનેલ મહિલાની સપોર્ટમાં તાત્કાલિક પોલિસ દ્વારા નગરની પ્રાઈવેટ દુકાનોના બહારના કેમેરાની તપાસ કરવામાં આવી હતી. પ્રાઈવેટ દુકાન બહારના સી.સી.ટી.વી કેમેરાની તપાસ કરતા પોલીસને મહત્વની કડી મળેલ હતી તેના આધારે પોલિસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

લૂંટનો ભોગ બનેલ બેંકના નિવૃત્ત મહિલા કર્મચારી સીમાબેન કોઠારી દ્વારા બે અજાણ્યા બાઈક સવાર ચોરો પર કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલિસ સ્ટેશનમાં અરજી આપેલ છે.

## “વિકસિત ભારત સંકલ્પ યાત્રા” કોલવાણ પહોંચતા ગ્રામજનોમાં ઉત્સાહનો માહોલ

। સુરત, તા.૨૧ ।

“વિકસિત ભારત સંકલ્પ યાત્રા’’ નો ઉદ્દેશ છેવાડાના વંચિત માનવીને સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પહોંચાડી વિકાસની મુખ્યધારામાં લાવવાનું છે. આ સંકલ્પ યાત્રા સાગબારા તાલુકાના કોલવાણના ગ્રામજનો સુધી પહોંચી હતી. નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી ભુમિકાબેન રાઉલની પ્રેરક ઉપસ્થિતિમાં ગ્રામજનોએ સરકારની યોજનાકીય માહિતી અને સિદ્ધિઓ અંગેની શોર્ટ ફિલ્મ નિહાળી હતી. ઉપરાંત, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની પ્રતિજ્ઞા કરી હતી. ‘મેરી કહાની, મેરી જુબાની’ કાર્યક્રમ હેઠળ યોજનાના લાભાર્થીઓએ પોતાના અનુભવો ગ્રામજનો સમક્ષ રજુ કર્યા હતા. વધુમાં ‘ધરતી કરે પુકાર કે’ થીમ આધારિત નુકકડ નાટક રજૂ કરી મિશન મંગલમની બહેનોએ



ગ્રામજનોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરિત કર્યા હતા.

આ તકે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હસ્તે સરપંચશ્રી હીનાબેનને અભિલેખા પ્રમાણ પત્ર એનાયત કરાયું હતું. વધુમાં યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કરાયું હતું.

કાર્યક્રમ સ્થળે લાગેલા આયુષ, આરોગ્ય તેમજ આઈ.સી.ડી.એસ. દ્વારા લાગેલા સ્ટોલ્સ પરથી પણ ગ્રામજનોએ લાભ લીધો હતો. આ વેળાએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો. જે.ઓ. માઢક, મામલતદારશ્રી શૈલેષભાઈ નિનામા, તાલુકા વિકાસ અધિકારી શ્રી એમ.એમ. વસાવા, સ્થાનિક અગ્રણીઓ, લાભાર્થીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## નેહરૂ યુવા કેન્દ્રના યુવા આદાન પ્રદાન કાર્યક્રમનો સમાપન સમારોહ યોજાયો

### યુવા આદાન પ્રદાન કાર્યક્રમ હેઠળ કાશ્મીરથી ૧૫૦ યુવાનો સુરતના છ દિવસીય પ્રવાસે આવ્યા હતા

। સુરત, તા.૨૧ ।

કાશ્મીરી ખીણમાં યુવાનો આંતકવાદ જેવી વિવિધ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, ત્યારે કાશ્મીરી યુવાનો એકતા અને દેશપ્રેમની ભાવના કેળવે, કટ્ટરપંથી પ્રવૃતિઓથી દૂર રહી પોતાનો સર્વાંગી વિકાસ સાધે એ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સહયોગથી કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત નેહરૂ યુવા કેન્દ્ર-સુરત દ્વારા સુરતમાં આયોજિત યુવા આદાન પ્રદાન કાર્યક્રમનો સમાપન સમારોહ યોજાયો હતો, જેમાં કાશ્મીરથી સુરત આવેલા ૧૫૦ યુવાનોએ છ દિવસીય પ્રવાસ દરમિયાન તેમના અનુભવો અને મંતવ્યો વર્ણવ્યા હતા. આ વેળાએ મેયરશ્રી દક્ષેશ માવાણી તેમજ નેહરૂ યુવા કેન્દ્ર સંગઠનના રાજ્ય નિદેશક શ્રીમતી મનીષાબેન શાહની ઉપસ્થિતિમાં ગરબા, સ્થાનિક નૃત્યો, યોગ, પ્રાણાયામ, કેમ્પ ફાયર, સ્પોર્ટ્સ, મનોરંજન જેવા પાસાઓને આવરી લેતો કાર્યક્રમ સૌએ માણ્યો હતો. ૧૫૦ યુવાનોએ ગરબાના સ્ટેપ્સ પણ શીખ્યા હતા.

સુરતની મુલાકાતમાં આ યુવાનોએ ગુજરાતની



ભાતીગળ સંસ્કૃતિની ઝલક મેળવી હતી અને ઔદ્યોગિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત મેળવી વ્યાપાર રોજગારની નવી તકો અંગે વાકેફ થયા હતા. સમગ્ર કાર્યકમનું આયોજન નેહરૂ યુવા કેન્દ્ર-સુરતના જિલ્લા યુવા અધિકારીશ્રી સચિન શર્માના માર્ગદર્શન હેઠળ કરાયું હતું, જેમાં નવસારી, વલસાડ અને સિલવાસાના જિલ્લા યુવા અધિકારીઓ અને કાર્યક્રમ સંયોજકોના સહયોગ રહ્યો હતો.

આ પ્રસંગે સિનીયર સિવિલ જજ શ્રી સી.આર. મોદી, મનપાની પબ્લીક ટ્રાન્સપોર્ટ કમિટીના ચેરમેનશ્રી સોમનાથ મરાઠે, નિવૃત્ત છજી ઓફિસર આર. જે. પટેલ, અપૂર્વ પંડ્યાએ ઉપસ્થિત રહીને યુવાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## તિલકવાડાના બુંજેઠા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવી પહોંચી : ગ્રામજનોને વિવિધ યોજનાઓથી માહિતગાર કરવાની સાથે ઘર આંગણે જ લાભો અપાયા

। સુરત, તા.૨૧ ।

નર્મદા જિલ્લામાં ૧૫ મી નવેમ્બરથી ચાલી રહેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત આજરોજ તિલકવાડા તાલુકાના બુંજેઠા ગ્રામ પંચાયત ખાતે સંકલ્પ રથ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. ગામના અગ્રણીશ્રીઓ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગ્રામજનોએ ઉત્સાહભેર રથનું સ્વાગત કર્યું હતું. આ અવસરે મહાનુભવોના હસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અગ્રણીશ્રી બાલુભાઈ બારીયાએ જણાવ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેકવિધ યોજના સહિત વિકસિત સંકલ્પ યાત્રામાં ૧૭ જેટલી યોજનાઓ અમલમાં મુકાઈ છે, જે અંગે વિસ્તૃતમાં માહિતી આપીને તેની મહત્વતા અંગે સમજણ પૂરી પાડી હતી. ગામના અગ્રણીશ્રી વિક્રમભાઈ તડવીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ઉદ્દેશ જણાવતા કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૭ જેટલી યોજનાઓ અમલમાં મૂકી છે. જેને છેવાડાના માનવી સુધી પહોંચાડવા પ્રયત્નો થઈ રહ્યાં છે, ત્યારે આ યોજનાઓનો લાભ લેવા તમામ નાગરિકોને જણાવ્યું હતું. નર્મદા વહીવટી તંત્ર દ્વારા યાત્રામાં સરાહનીય કામગીરી આવી રહી છે. જે ખૂબ જ પ્રસંશનીય છે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે સંકલ્પ યાત્રા રથનું બુંજેઠા શાળાની બાળાઓ



દ્વારા સ્વાગત ગીત રજૂ કરવાની સાથે ઉપસ્થિત સૌએ વિકસિત ભારતની પ્રતિજ્ઞા લીધી હતી. તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓથી લાભાન્વિત થયેલા લાભાર્થીઓના પ્રતિભાવોની શોર્ટ ફિલ્મ નિહાળી હતી. ‘મેરી કહાની, મેરી જુબાની’ અંતર્ગત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ સરકારી યોજનાના લાભો વિશે પ્રતિભાવો રજૂ કર્યા હતાં. ઉપરાંત પ્રાથમિક શાળાના વિધાર્થીઓ દ્વારા પ્રાકૃત્તિક ખેતી અપનાવવા સંદેશ આપતું ‘ધરતી કહે પુકાર કેપ.’ નાટક રજુ કર્યું હતું. આ પ્રસંગે આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્ય કેમ્પ યોજાયો હતો. સાથે પશુપાલન, આરોગ્ય, ખેતીવાડી, અન્ન નાગરિક પુરવઠા અને ઝઢજી વિભાગ દ્વારા સ્ટોલ ઊભા કરાયા હતા જેનું મહેમાનો સહિત ગ્રામજનોએ સ્ટોલનું નિદર્શન કર્યું હતું. આ સ્ટોલ્સ થકી નાગરિકોને વિવિધ યોજનાઓની જાણકારી આપવાની સાથે નવા લાભાર્થીઓની નોંધણી પણ કરવામાં આવી હતી.

## ચીનમાં ફેલાઇ રહેલા ભેદી રોગ સામે આરોગ્ય તંત્રની સતર્કતા

। રાજકોટ, તા.૨૧ ।

ચીનમાં બાળકોમાં જોવા મળેલી રહસ્યમય બીમારીને લઈને સંભવિત અસરો સામે ગુજરાત રાજ્યનું આરોગ્ય તંત્ર એલર્ટ મોડમાં છે ત્યારે સરકારી હોસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રો ખાતે ઉપલબ્ધ વ્યવસ્થાની ચકાસણી માટે રાજકોટ જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીની સૂચના અને માર્ગદર્શન હેઠળ જેતપુર તાલુકામાં શહેરની સરકારી હોસ્પિટલ તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર વિરપુર(જલારામ) ખાતે મોકડ્રીલ યોજવામાં આવી હતી. જેમાં બેડ, ઑક્સિજન પ્લાન્ટ સહિતના સાધનોની ચકાસણી કરવામાં આવી હતી.



જેતપુર સરકારી હોસ્પિટલના અધિક્ષકશ્રી ડો.એન.બી. પડીયાના જણાવ્યાનુસાર, હોસ્પિટલ ખાતે **PSA** ઓક્સિજન પ્લાન્ટ, ઓક્સિજન કોન્સન્ટ્રેશન, ઓક્સિજન સિલિન્ડર, વેન્ટિલેટર તેમજ દવાઓ અને કન્ઝ્યુમેબલ્સ, **RTPCR** લેબોરેટરી, દવાનો સ્ટોર વગેરેની ઉપલબ્ધિની ચકાસણી કરવામાં આવી હતી. મોકડ્રિલમાં દર્દીને એમ્બ્યુલન્સ મારફત હોસ્પિટલ લાવી, ડોકટર દ્વારા જરૂરી તપાસ બાદ યોગ્ય સારવાર કરવામાં આવેલી તથા જરૂર જણાયે ઓક્સિજન આપી યોગ્ય રીપોર્ટ કરવામાં આવ્યો હતો. આ તકે ચીફ ઓફિસરશ્રી એ.કે.ગઢવી, જેતપુર શહેર મામલતદારશ્રી વી.એન. ભારાઈ, આર.એમ.ઓ. ડો.આર.પી. પાટીલ, જેતપુર શહેર નાયબ મામલતદારશ્રી જે.જી.સેંજરીયા સહિત આરોગ્યકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા. સામૂહિક આરોગ્ય કેન્દ્ર વિરપુર (જલારામ)નાં અધિક્ષકશ્રી ડૉ. બી.ડી.ડોડીયાનાં જણાવ્યા મુજબ, સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે અત્રે ૩૦ બેડની સુવિધ, પલ્સ ઓક્સિમીટર, ઓક્સિજન કોન્સન્ટ્રેશન, ઑક્સિજન સિલિન્ડર અને પ્લાન્ટથી પાઈપલાઈન દ્વારા ઑક્સિજન બેડ સુધી પહોંચે તે પ્રકારની વ્યવસ્થા ઉપલબ્ધ છે તથા કોવિડ-૧૯ ને લગત જરૂરી દવાઓ તથા જરૂરી સાધન સામગ્રી, સંસ્થાની એમ્બ્યુલન્સ, ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા દર્દીને જીલ્લા લેવલની હોસ્પિટલ સુધી પહોંચાડવાની વ્યવસ્થા પુરતા પ્રમાણમાં છે. આ મોકડ્રીલમાં જેતપુર ગ્રામ્ય મામલતદારશ્રી એ.પી. અંટાળા, વિરપુર ગામનાં સરપંચશ્રી રમેશભાઈ સરવૈયા તથા ગામના આગેવાનો તથા હોસ્પિટલ સ્ટાફ તથા ગ્રામજનોએ ઉપસ્થિત રહી આ મોકડ્રીલ થકી જાગૃતિ કેળવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. સંબંધીઓ સાથે વિતાવેલો સમય તમારા લાભમાં રહેશે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે થોડુંક ટૅન્શન તથા કેટલાક મતભેદો તમને અજંપ તથા બેચેન કરી મુકશે. આજે કોઈની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો તથા તમારી સાથે સમાધાન સાધવાનો પ્રયાસ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારા જેવા જ રસના વિષયો ધરાવતા લોકો સાથે તમે સંપર્કમાં આવો એવી પ્રવૃત્તિઓમાં તમારે સામેલ થવું જોઈએ.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશબોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. આજે દરેક જણ તમારી મિત્રતા ઝંખે છે-અને તમે પણ તેમની ઈચ્છા પૂરી કરવાના મૂડમાં છો. રૉમેન્ટિક મેળાપ ખૂબ જ આકર્ષક જણાય છે.

# સેન્સેક્સમાં ૩૫૮, નિફ્ટીમાં ૧૦૫ પોઈન્ટનો ઊછાળો

## પાવર ગ્રીડ, બીપીસીએલ, બ્રિટાનિયા અને હિન્દાલ્કોના શેરના ભાવ ઊંચકાયા, એક્સિસ બેંકના શેરમાં નબળાઈ

। મુંબઈ, તા.૨૧ ।

ગુરુવારે શેરબજારમાં ટ્રેડિંગમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો હતો. બીએસઈ સેન્સેક્સ ક્યારેક લાલ અને ક્યારેક લીલા રંગમાં રહ્યો હતો. ટ્રેડિંગના અંતે બીએસઈ સેન્સેક્સ ૩૫૮ પોઈન્ટના ઉછાળા સાથે ૭૦૮૬૫ના સ્તરે બંધ રહ્યો હતો જ્યારે નિફટી ૫૦ ઈન્ડેક્સ ૧૦૫ પોઈન્ટના વધારા સાથે ૨૧૨૫૫ના સ્તરે બંધ રહ્યો હતો. ગુરુવારે નિફટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફટી બેંક ઈન્ડેક્સમાં સારો ઉછાળો નોંધાયો હતો. શેરબજારના ટોપ ગેનર્સની વાત કરીએ તો પાવર ગ્રીડ, બીપીસીએલ, બ્રિટાનિયા અને હિન્દાલ્કોના શેર સારી ગતિએ બંધ થવામાં સફળ રહ્યા હતા. ગુરુવારે બજાજ ઓટો, બજાજ ફાઈનાન્સ, એચસીએલ ટેક અને એક્સિસ બેંકના શેર નબળાઈ



સાથે બંધ થયા હતા. ગુરુવારે દિવસભર શેરબજારમાં કારોબારમાં ઘણો ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. સેન્સેક્સ દિવસના નીચા સ્તરેથી ૯૦૦ પોઈન્ટ સુધર્યો છે. દિવસના ટ્રેડિંગમાં, સેન્સેક્સ ૬૯,૯૨૦ પોઈન્ટની નીચી સપાટીએ ગયો હતો જ્યાંથી તેણે પુનરાગમન કર્યું છે. નિફટીએ દિવસના નીચા સ્તરેથી ૨૮૦ પોઈન્ટ પુનઃપ્રાપ્ત કર્યા છે અને દિવસના કામકાજમાં ૨૧,૨૫૨ની ઊંચી સપાટીને સ્પર્શી છે. ઈન્ફોસિસની સાથે ૐ‍ઢ્ઢહ્લટ્ઠ બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર પણ ઈન્ડેક્સને ઉપર ખેંચનારી કંપનીઓમાં સામેલ હતા. શેરબજારમાં દિવસના કારોબારમાં, ૩૪ શેરો લીલા નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા જ્યારે ૧૫ લાલ નિશાનમાં હતા અને એકના ભાવમાં કોઈ ફેરફાર નોંધાયો ન હતો.

અમેરિકામાં ૧૦ વર્ષની બોન્ડ યીલ્ડ ઘટીને ૩.૮૫ ટકાના સ્તરે પહોંચી ગઈ છે. શેરબજારના નિષ્ણાતોનું કહેવું છે કે નિફટી તેના સૌથી નીચા સ્તરે પહોંચ્યા બાદ શેરમાં ખરીદી બજારને રિકવર કરવામાં મદદ કરી રહી છે.

ગુરુવારે ગૌતમ અદાણી ગ્રૂપની તમામ નવ લિસ્ટેડ કંપનીઓના શેરમાં વધારો નોંધાયો હતો. અદાણી ગ્રીન એનર્જી ૫ ટકાના વધારા સાથે બંધ રહી હતી જ્યારે અંબુજા સિમેન્ટ, અદાણી ટોટલ ગેસ, અદાણી વિલ્મર, એસીસી અને અદાણી પોર્ટ્સે પણ સારો ફાયદો નોંધાવ્યો હતો.

મલ્ટિબેગર શેર્સની વાત કરીએ તો ઓમ ઈન્ફ્રા, કામધેનુ, પટેલ એન્જિનિયરિંગ, જિયો ફાઈનાન્શિયલ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, બ્રાન્ડ કોન્સેપ્ટ અને દેવયાની ઈન્ટરનેશનલના શેરમાં વધારો નોંધાયો હતો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને સ્ટોવ ક્રાફટના શેર નબળાઈ પર બંધ થયા હતા.

### ન્યૂઝ બ્રિફ

## જેક્લિન ફર્નાન્ડીઝની અરજી પર ઈડીને હાઈકોર્ટની નોટિસ

। નવી દિલ્હી, તા.૨૧ ।

મની લોન્ડરિંગ મામલે ફિલ્મ અભિનેત્રી જેક્લિન ફર્નાન્ડિઝની અરજી પર દિલ્હી હાઈકોર્ટે ઈડીને નોટિસ ફટકારી છે. જેક્લિન ફર્નાન્ડિઝે મહાઠગ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા ૨૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ મામલે ઈડીદ્વારા તેમના વિરુદ્ધ નોંધવામાં આવેલા કેસને રદ કરવાની માંગ કરી છે. દિલ્હી હાઈકોર્ટે અભિનેત્રીની અરજી પર ઈડીને નોટિસ જારી કરી છે. આ મામલે આગામી સુનાવણી ૨૯ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ થશે. આ મામલે જેક્લિને દાવો કર્યો છે કે, તે ખુદ એક પીડિતા છે તે કોઈ અપરાધી નથી. અભિનેત્રી જેક્લિન ફર્નાન્ડીઝ સાથે જોડાયેલો આ મામલો ૨૦૦ કરોડ રૂપિયાની મની લોન્ડરિંગ સાથે સંબંધિત છે. તેણે બુધવારે એક દિવસ પહેલા જ દિલ્હી હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો અને આ કેસમાં ઈડીદ્વારા તેની વિરુદ્ધ નોંધાયેલ એફઆઈઆરરદ કરવાની અપીલ કરી હતી.

## ગુજરાતના વિનોદ જોષી સહિત ૨૪ને સાહિત્ય અકાદમી પુરસ્કાર

। નવી દિલ્હી, તા.૨૧ ।

સાહિત્ય અકાદમીએ ગઈકાલે વિવિધ ભાષાઓ માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર ૨૦૨૩ની જાહેરાત કરી હતી, જેમાં સાહિત્ય અકાદમીએ હિન્દી માટે સંજીવ, અંગ્રેજી માટે નીલમ શરણ ગૌર અને ઉર્દૂ માટે સાદિકા નવાબ સહર સહિત ૨૪ ભારતીય ભાષાઓ માટે પુરસ્કારની જાહેરાત કરી હતી. ગુજરાતી કવી વિનોદ જોશીને કવિતા માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર આપવામાં આવશે. રાજધાની દિલ્હીમાં પુરસ્કારની જાહેરાત કરતા અકાદમીના સચિવ ડૉ. કે. શ્રીનિવાસ રાવે જણાવ્યું હતું કે આ પુરસ્કાર તમામ ૨૪ માન્ય ભારતીય ભાષાઓમાં આપવામાં આવશે, જેમાં નવ કાવ્યસંગ્રહ, છ નવલકથાઓ, પાંચ વાર્તા સંગ્રહ, ત્રણ નિબંધો અને એક ટિકાનું પુસ્તક સામેલ છે સાથે જ તેમણે જણાવ્યું કે આ પુરસ્કાર ૧૨ માર્ચ ૨૦૨૪એ સાહિત્ય અકાદમીના ૭૦ વર્ષ પુરા થવા પર આપવામાં આવશે. ગઈકાલે જાહેર કરાયેલા પુરસ્કારોમાં હિન્દીના સંજીવને નવલકથા 'મુઝે પહેંચાનો', અંગ્રેજીના નીલમ શરણ ગૌરને નવલકથા 'રીક્વીમ ઈન રાગા જાનકી', ઉર્દૂમાં સાદિક નવાબ શહરને 'રાજદેવ કી અમરાઈ' માટે પુરસ્કાર એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત આસામી, બંગાળી, ડોગરી, કન્નડ, મરાઠી અને મલયાલમ જેવી પ્રાદેશિક ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી

# ૨૨ જાન્યુ.ના કાર્યક્રમ માટે સોનિયા-ખડગેને પણ આમંત્રણ મોકલાયા

## હજુ સુધી રાહુલ ગાંધી કે પ્રિયંકા ગાંધી કે પછી વિપક્ષના અન્ય નેતાઓ વિશે કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી

। નવી દિલ્હી, તા.૨૧ ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગે અને સોનિયા ગાંધીને અયોધ્યામાં નિર્માણ પામી રહેલા રામમંદિરના નવા ભવનમાં આયોજિત થનાર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લેવા માટે આમંત્રણ આપી દેવાયું છે. અયોધ્યામાં આ કાર્યક્રમ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ થવાનો છે. આ કાર્યક્રમમાં પીએમ મોદી મુખ્ય યજમાન હશે. તે પ્રાણ પ્રતિષ્ઠાની પૂજા કરશે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ વતી મલ્લિકાઅર્જુન ખડગે, સોનિયા ગાંધી ઉપરાંત લોકસભામાં



કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીને પણ આમંત્રણ મોકલાયું છે. જોકે હજુ સુધી રાહુલ ગાંધી કે પ્રિયંકા ગાંધી કે પ છી વિપક્ષના અન્ય નેતાઓ વિશે કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી.

આવનારા દિવસોમાં તેમને પણ આમંત્રણ મોકલવામાં આવી શકે છે તેવી ચર્ચા છે. જોકે હજુ સુધી એ મામલે અસમંજસની સ્થિતિ જોવા મળી રહી છે કે કોંગ્રેસના નેતાઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે કે નહીં. સુત્રો એવો દાવો કરી રહ્યા છે કે વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ આ સમારોહમાં ભાગ લે તેવી ઓછી શક્યતા છે.

સુત્રોએ કહ્યું કે ખડગે, સોનિયા ગાંધી અને ચૌધરીને વ્યક્તિગત આમંત્રણ મોકલાયા છે. સમારોહ માટે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ અને એચ.ડી.દેવગૌડાને પણ આમંત્રણ મોકલાયા છે. આવનારા દિવસોમાં અન્ય વિપક્ષી નેતાઓને પણ આમંત્રણ મોકલવાની શક્યતા છે.

### સંસદની સુરક્ષામાં ચૂકના માસ્ટર માઈન્ડને લઈને વિવાદ

# નવો વિવાદ : લલિત ઝાના ઘરની બહાર ક્રાંતિકારી યોદ્ધાના પોસ્ટર્સ લાગ્યા

## બે અજાણ્યા વ્યક્તિ લલિતના ઘરે આવ્યા અને થોડી વાતચીત બાદ ઘરની બહાર પોસ્ટર્સ લગાવીને ચાલ્યા ગયા

। દરભંગા, તા.૨૧ ।

સંસદની સુરક્ષામાં ચૂકના માસ્ટરમાઈન્ડ દરભંગાના બહેડાના પોલીસ સ્ટેશન વિસ્તારના રામપુર ઉદય ગામના લલિત ઝાના ઘરની બહાર લગાવવામાં આવેલા પોસ્ટરે નવો વિવાદ ઉભો કરી દીધો છે. લલિત ઝાના ભાઈ હરિદર્શન ઝા ઉર્ફે સોનૂએ જણાવ્યું કે, બુધવારે સાંજે લગભગ ૪:૦૦ વાગ્યે મુંબઈ અને હરિયાણાના બે અજાણ્યા વ્યક્તિ ઘરે આવ્યા અને કહ્યું કે, ક્રાંતિકારી લલિત સાથે મુલાકાત કરવા માટે અમે લોકો તમારી યાત્રાની વ્યવસ્થા કરી દઈશું.



લલિતે કાયરનું કામ નથી કર્યું. તે 'ક્રાંતિકારી યોદ્ધા' છે. બંને થોડા સમય સુધી રોકાયા અને એક પોસ્ટર ઘર પર લગાવીને ચાલ્યા ગયા. જે બંને લોકોએ પોસ્ટર લગાવવામાં આવ્યા તેમાં લલિત ઝા, નીલમ, મનોરંજન સાગર, અમોલ શિંદે અને મહેશના ફોટા સહિત તમામ પ્રકારની બાબતો લખી હતી. પોસ્ટરમાં લખ્યુ છે કે, અમને ભૂખ, બેરોજગારી અને મોંઘવારીથી આઝાદી જોઈએ. પોસ્ટરમાં કલ્પના ઈનામદારની તસવીર અને મોબાઈલ નંબરનો પણ ઉલ્લેખ છે. પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ બીકે બ્રજેશે કહ્યું કે, તેમને આ મામલે કોઈ જાણકારી નથી. બીજી તરફ આ ઘટના બાદ બુધવારે રાષ્ટ્રીય લોક આંદોલનની કાર્યકારી અધ્યક્ષ કલ્પના ઈનામદાર અને બલવીર સિંહ પહોંચ્યા હતા.



નવી દિલ્હીમાં કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ સાથે રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજન લાલ શર્મા અને નાયબ મુખ્ય પ્રધાન દિવ્યા કુમારીએ બેઠક કરી હતી.

## ભારતનું ત્રિમાસિક દેવું ૨૦૫ લાખ કરોડને આંબી ગયું

। નવી દિલ્હી, તા.૨૧ ।

હાલમાં ભારત ભલે દુનિયામાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે પણ શું તમને ખ્યાલ છે કે ભારત પર કેટલું દેવું છે? ભારત પર દેવું વધતું જઈ રહ્યું છે. એક રિપોર્ટમાં દાવો કરાયો હતો કે દેશ પર ચાલુ નાણાકીય વર્ષ જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિકમાં કુલ દેવું વધીને ૨.૪૭ ટ્રિલિયન ડૉલર એટલે કે ૨૦૫ લાખ કરોડને આંબી ગયું છે. આ સૌની વચ્ચે ડૉલરની કિંમતમાં આવેલો ઉછાળો પણ આ દેવું વધવાનાં કારણોમાં સામેલ છે. એક અહેવાલ મુજબ અગાઉ ગત નાણાકીય વર્ષના જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિકમાં કુલ દેવું ૨.૩૪ ટ્રિલિયન ડૉલર એટલે કે ૨૦૦ લાખ કરોડ રૂ. હતું. ઈન્ડિયાબોન્ડ્સ ડૉટ કોમના સહ-સંસ્થાપક વિશાલ ગોયનકાએ આરબીઆઈના આંકડાનો હવાલો આપતાં કેન્દ્ર અને રાજ્યો પર દેવાના આંકડા રજૂ કર્યા હતા. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર પર દેવું સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૧૬૧.૧ લાખ કરોડ રૂપિયા થઈ ગયું જે માર્ચ ત્રિમાસિકમાં ૧૫૦.૪ લાખ કરોડ રૂપિયા હતું. રાજ્ય સરકારોના કુલ દેવામાં ભાગીદારી ૫૦.૧૮ લાખ કરોડ રૂપિયા હોય છે. ઉલ્લેખનીય છે કે આ સમયગાળા દરમિયાન અમેરિકી ડૉલરની કિંમત વધવાની અસર પણ દેવાના આ આંકડા પર દેખાઈ રહી છે.

### વિશેષ

### ગુડ પ્રેકટીસીસ ઓન ક્રાઈમ ક્રીમીનલ ટ્રેકીંગ એન્ડ નેટવર્ક સીસ્ટમ (CCTNS)માં ગુજરાત જેલ વિભાગની અપ્રતિમ સિદ્ધિ

# ઈન્ટર ઓપરેબલ ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ (ICJS)ના અમલીકરણ અને રેન્કીંગમાં પ્રીઝન કેટેગરીમાં ગુજરાત જેલ વિભાગને પ્રથમ એવોર્ડ એનાયત






તા.૨૧/૧૨/૨૦૨૩ ના રોજ બે દિવસીય પાંચમી વાર્ષિક નેશનલ કોન્ફરન્સ દરમિયાન ગુડ પ્રેકટીસીસ ઓન CCTNS (ક્રાઈમ ક્રીમીનલ ટ્રેકીંગ એન્ડ નેટવર્ક સીસ્ટમ) તથા ICJS (ઈન્ટર ઓપરેબલ ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ)ના અમલીકરણ અને રેંક્રીંગમાં પ્રિઝન કેટેગરી અંતર્ગત ગુજરાત જેલ વિભાગને પ્રથમ એવાર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ સિદ્ધિથી ગુજરાત જેલ વિભાગની સઅફળતાઓમાં વધુ એક છોગુ ઉમેરાયું છે. દિલ્હી ખાતે યોજાઈ રહેલી કોન્ફરન્સમાં CCTNS-ICJS પ્રોજેક્ટની દેશભરના ૩૬ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં થયેલી અમલવારી અંગેના એવોર્ડ અંગેની જાહેરાત કરવામાં આવી. જેમાં ICJS પ્રોજેકટ હેઠળ પોલીસ, પ્રિઝન, એફ.એસ. એલ.,પ્રોસીક્યુશન સાહિતની વિવિધ કેટેગરીમાં કરેલ કાર્યવાહીના આધારે એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. જે પૈકી ICJS પ્રોજેક્ટની પ્રિઝન કેટેગરીમાં ગુજરાત મોખરે રહ્યું છે.

જ્યારે આ જ કેટેગરીમાં દ્વિતીય ક્રમે મધ્યપ્રદેશ અને તૃતીય ક્રમે દિલ્હી રહ્યું છે. આ ગૌરવપૂર્ણ ક્ષણે ગુજરાત જેલ વિભાગના વડા શ્રી કે.એલ એન રાવને આઈ.બી.ના ડિરેકટર શ્રી તપનકુમાર ડેકાના હસ્તે એવોર્ડ એનયત કરવામાં આવ્યો હતો. આ સફળતા હાંસલ કરવા બદલ ગુજરાત જેલ વિભાગના વડા શ્રી ડૉ. કે. એલ. એન. રાવે સહયોગ આપનાર તમામ જેલ અધિક્ષકશ્રી અને જેલ સ્ટાફ તથા ઈ-પ્રિઝન એપ્લીકેશનમાં વર્ષ ૨૦૨૩ ડેટા એન્ટ્રી કરનાર તમામ રક્ષક વર્ગ જેલ સ્ટાફ ને અભિનંદન પાઠવ્યા છે.

આ સમારોહમાં ગૃહ મંત્રાલયના અધિકારીઓ, એનસીઆરબીના અધિકારીઓ, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, CCTNS-ICJSના નોડલ અધિકારીઓ હાજર રહ્યા હતા.

**શું છે ICJS પોર્ટલ?**

ICJS પોર્ટલ કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયના ઉપક્રમે NIC દ્વારા વિકસાવેલ CCTNS પ્રોજેક્ટનો એક ભાગ છે. જેમાં રાષ્ટ્રીય કક્ષાએ પોલીસ, કોર્ટ, પ્રિઝન્સ, ગુનામાં સંડોવાયેલા વાહનો, ગુમ/બિનવારસી વ્યકિતઓની માહિતી, વિઝા-પાસપોર્ટ, કેન્દ્રીય એજન્સીઓ, એફએસએલ, પ્રોસીકયુશન, એલીસ(આર્મસ લાયસન્સ) વિભાગોના ડેટાનો વિનિમય કરીને તપાસ કરનાર એજન્સીને એક જ ડીજીટલ સીક્યોર પ્લેટફોર્મ ઉપર ડેટા જોઈ શકે તેવી વ્યવસ્થા કાર્યાનિવત કરી છે.

આ વ્યવસ્થા તપાસ કરનાર એજન્સી દ્વારા ગુનાની તપાસ, ગુનેગારોની માહિતી, ગુના અટકાવવા/શોધવામાં ખૂબ જ મદદરૂપ બની રહે છે. ભારતના તમામ પોલીસ સ્ટેશનો અને તપાસ કરનાર એજન્સીઓ દ્વારા ICJS પોર્ટલ મારફતે ગુના/ ગુનેગારોની માહિતી મળી રહે છે.

**CTCNS પ્રોજેક્ટ વિશે...**

CTCNS પ્રોજેક્ટ હેઠળ રાજ્યના કોઈપણ નાગરીકને સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ, ફરીયાદ નોંધણી, એફ.આઈ.આર.ની નકલ,ધરપકડ કરેલ/ગુમ થયેલ/વોન્ટેડ ગુનેગારો/અપહરણ થયેલ/બિનવારસી –ગુમ થયેલ વાહન/એન.ઓ. સી./ભાડુઆત નોંધણી/વરિષ્ઠ નાગરીકોની નોંધણી જેવી વિવિધ પ્રકારની પોલીસલક્ષી સેવાઓ પ્રાપ્ત થઈ શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદમાં કોરોના પોઝિટીવ દર્દીઓનો આંક ૧૨ પર પહોંચી ગયો

। અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદ શહેર માટે વધુ ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. શહેરમાં આજે વધુ ૬ કોવિડ એક્ટિવ કેસ નોંધાયા છે. હવે અમદાવાદમાં કોરોના પોઝિટીવ દર્દીઓનો આંક ૧૨ પર પહોંચી ગયો છે. સામે આવેલી વિગતો અનુસાર ત્રણ મહિલાઓ અને ત્રણ પુરુષ કોરોના સંક્રમિત થયા છે. જે છ દર્દી કોરોનાથી સંક્રમિત થયા છે તે નવરંગપુરા, નારણપુરા અને સરખેજના રહીશો છે. હાલમાં તમામને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં પણ કોરોના અંગેની તૈયારીઓ શરૂ કરવામાં આવી.આગામી ૨૪ થી ૪૮ કલાકમાં વોર્ડ ઉભો કરવા સૂચના આપવામાં આવી છે. કોરોનાના નવા વેરીઅન્ટ માટે રાજ્ય સરકારની સૂચના બાદ સરકારી હોસ્પિટલમાં તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

### પશુ ખાણદાણમાં ભેળસેળ અટકાવવા સરકાર એક્શનમાં

। અમદાવાદ, તા.૨૧ ।

રાજ્યમાં પશુઓના ખાણદાણ ખાસ કરીને કપાસિયાના ખોળમાં વેપારીઓ, ઓઈલ મિલો તેમજ ઉત્પાદકો દ્વારા જુદા-જુદા કેમિકલો, બેન્ટોનાઈટ માટી, લાકડાનો વેર, અખાદ્ય અનાજ જેવા પદાર્થોની ભેળસેળ કરતા હોવાની ઘટનાઓ સામે આવી છે. પશુઓ અને માનવના હિતમાં આવી ઓઈલ મીલો અને વેપારીઓ સામે પગલાં કાર્યવાહી સુધીના કડકમાં કડક પગલાં લેવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે, તેમ પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

### ઠંડીમાં બીમારીના કેસમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે

# ડીસા હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ, શરદી, ખાંસીના દૈનિક ૧૦૦૦ કેસ

### બનાસકાંઠા પાંચ દિવસથી ઠંડીના લીધે લોકોને ઘરમાં રહેવા મજબૂર

। ડીસા, તા.૨૧ ।

હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાના કારણે ઠંડીનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. છેલ્લા પાંચ દિવસમાં બનાસકાંઠા જિલ્લામાં ખૂબ જ ઠંડી પડી રહી છે. જેના કારણે ઠંડીમાં બીમારીના કેસમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. બનાસકાંઠા જિલ્લાના ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે રોજના ૧૦૦૦ થી પણ વધુ બીમાર દર્દીઓ સારવાર લેવા માટે આવી રહ્યા છે. દર વર્ષે ઉત્તર ગુજરાતમાં નલિયા બાદ બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં સૌથી વધુ ઠંડી પડે છે. બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી ઠંડીએ લોકોને ઘરમાં રહેવા મજબૂર કર્યા છે. જિલ્લામાં ઠંડી સાથે ફૂંકાતા પવનના કારણે રોડ રસ્તા અને જાહેર માર્ગો ઠપ થઈ ગયા છે.

ડીસા સરકારી હોસ્પિટલમાં તાવ, શરદી,ખાંસી જેવી બીમારીઓના રોજ લગભગ ૧૦૦૦ થી પણ વધુ દર્દીઓ સારવાર લેવા માટે આવે છે. બાળ નિષ્ણાત ડો.હિરેન




પટેલે જણાવ્યું હતું કે, જિલ્લામાં હાલમાં ઠંડીનું જોર વધ્યું છે. રાત્રે કડકડતી ઠંડી પડવાથી લોકોમાં શરદી, ખાંસી, તાવ અને ફલ્યું જેવી બીમારીઓ થઈ રહી છે. લોકોમાં આ કેસો વધતા મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર લેવા હોસ્પિટલમાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, કડકડતી ઠંડીમાં બીમારીઓથી બચવા નાના બાળકોથી લઈ ઉંમર લાયક લોકોએ ગરમ પાણી પીવું જોઈએ.

### ખેડૂતો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મોટી જાહેરાત

# ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ખેડૂતોને દિવસે વીજળી મળશે : મુખ્યમંત્રી

### ખેડૂતોની છેલ્લા ઘણા સમયથી દિવસે વીજળી આપવાની માગને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેકો આપ્યો છે

। મોડાસા, તા.૨૧ ।

રાજ્યના ખેડૂતો માટે ખુશ ખબર છે. હવે ખેડૂતોને રાતના સમયે પીયત માટે નહીં થવું પડે હેરાન. રાતે ઉજાગરા કરી ખેડૂતોને પીયત નહીં કરવું પડે. જી હા હવે રાજ્યના તમામ ખેડૂતોને રાતના બદલે દિવસે વીજળી મળશે. ખેડૂતોની છેલ્લા ઘણા સમયથી દિવસે વીજળી આપવાની માગને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેકો આપ્યો છે અને એક જ વર્ષમાં તમામ ખેડૂતોને દિવસે વીજળી મળી રહે તેવી મોટી જાહેરાત કરી છે. અરવલ્લીના મોડાસાની મુલાકાતે પહોંચેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતલક્ષી જાહેરાત કરી અને કહ્યું કે એક જ વર્ષમાં રાજ્યના તમામ ખેડૂતોને દિવસે વીજળી મળશે. ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વચન આપ્યું છે.રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી ખેડૂતોને રાત્રિના સમયે પિયત માટે વીજળી આપવામાં આવ છે જેના કારણે ખેડૂતોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ખાસ કરીને રાત્રિના સમયે વીજળી આપવામાં આવતી હોવાના કારણે ખેડૂતોને ઝેરી જીવજંતુઓ તેમજ વારંવાર લાઈટ ટીપ ટાપ થતી હોવાના કારણે ખેડૂતોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. તે ઉપરાંત રાત્રિના સમયે લાઈટના કારણે ખેડૂતોને પિયત માટે પણ હાલાકી ભોગવી પડતી હતી. પરંતુ મુખ્યમંત્રીની આ જાહેરાતથી બનાસાકાંઠાના ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. ખેડૂતો દ્વારા રાજ્ય સરકારમાં અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી જેને લઈ આજે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી હતી જેમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતોની રજૂઆતના પગલે રાત્રીના સમયે જે વીજળીના કારણે ખેડૂતોને તકલીફો ભોગવી પડે છે. તે ન ભોગવી પડે તેના માટે રાત્રીની જગ્યાએ દિવસે ખેડૂતોને જાહેરાત આપવાનું નક્કી કર્યું છે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે ૨૨ ડિસેમ્બરે મેથેમેટિક્સ ડેની ભવ્ય ઉજવણી; મેથ્સ કાર્નિવલનું આયોજન

। અમદાવાદ, તા.૨૧ ।

દર વર્ષે ૨૨ ડિસેમ્બરે ભારતમાં નેશનલ મેથેમેટિક્સ ડે ની ઉજવણી કરવામાં આવે છે. ખ્યાતનામ ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની જન્મ જયંતી નિમિત્તે આ મેથેમેટિક્સ ડે ઉજવવામાં આવે છે. ગણિતના મહત્વ અને ગણિત ક્ષેત્રે શ્રીનિવાસ રામાનુજને આપેલા યોગદાન વિશે જાગૃતિ ફેલાવવા માટે ભારત સરકારે ૨૨ ડિસેમ્બરે નેશનલ મેથેમેટિક્સ ડે ઉજવવાની વર્ષ ૨૦૧૨માં જાહેરાત કરી હતી. ગુજરાત સાયન્સ સિટી ખાતે પણ ૨૨ ડિસેમ્બરે મેથેમેટિક્સ




ડે ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત રાજ્ય કક્ષાના મેથ્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવશે. જેમાં ગુજરાતના અલગ અલગ ૨૫ જિલ્લાના વિદ્યાર્થીઓ ભાગ લેશે. મેથ્સ કાર્નિવલ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે મેથ્સને લગતા વિવિધ મોડેલ્સ તેમજ પઝલ્સનું એક્ઝિબિશન રજૂ કરાશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે મેથ્સની ક્વિઝ અને એકપાત્રીય અભિનય સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવશે, સાથે સાથે ઈનોવેટિવ મેથ્સ ટીચિંગ મેથડ પર ટીચર્સ પ્રેઝન્ટેશન પણ યોજાશે. આ ઉપરાંત ભારતના વિખ્યાત ગણિતશાસ્ત્રીઓની સિદ્ધિ દર્શાવતો હોલ ઓફ ફેમ પણ પ્રદર્શિત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓ અને લોકોમાં વિજ્ઞાન પ્રત્યે અભિરૂચિ વધે તે માટે ગુજરાત સાયન્સ સિટી ખાતે અવારનવાર વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું રહે છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨